# બનાસકાંઠા જિલ્લા ના
# આદિવાસીઓમાં પરંપરાગત ઔષધ

અહેવાલ લેખન :
ડૉ. સિધ્ધરાજભાઈ સોલંકી
જશવંતસિંહ રાઠોડ

: સંકલન :
ડૉ. ઠાકોરભાઇ નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ–૩૮૦૦૧૪
૧૯૯૧

302

વનસ્પતિ દવાજ કરવામાં આવે છે. આ વિસ્તારના જાણકાર વ્યક્તિઓ પોતાના ગામ ઉપરાંત વિસ્તારનાં ગામોમાં તેમજ શહેરના દર્દીઓની દવા પણ કરે છે. કેટલાક જાણકાર વ્યક્તિઓ ઘરેથી દવા લઈ બહારગામ જાયતો બે ત્રણ દિવસે પાછા ફરે.તેવું પણ બને છે. તેમની બીજી ખાસિયત એ જોવા મળી કે દવા અંગેની જાણકારી આપવામાં ખૂબજ આનાકાની થતી હતી. જે અપેક્ષાથી દવા જાણવા માટે ગયા હોય તેના પ્રમાણમાં ઘણીજ ઓછી માહિતી મળે છે. જોકે ઘણા જાણકારો પાસે એવા અનુભવ થાય છે કે એ વિસ્તારમાં દવા કરનાર તરીકે જાણીતા હોય તેવા વ્યક્તિઓ પાસેથી ખૂબ ઓછી માહિતી મળી હોય, કયારેક તો નાપણ મળી હોય તેવું આ વિસ્તારના ગણા ગામોમાં થયું છે. આમ છતાં જે માહિતી મળી છે તે ચોકક્સ અને આધારભૂત પ્રમાણિત છે તેમાં પણ કોઈ શંકા નથી.

<u>વિસ્તાર અને વસતિ :</u>

બનાસકાંઠાની પૂર્વ તરફ આવેલો દાંતા તાલુકો અરવલ્લીની પર્વતમાળાથી છવાયેલો છે. જે ગુજરાતનો પૂર્વ-ઉત્તર ભાગ છે. જેનાથી ઉત્તર-પૂર્વ અને દક્ષિણ-પૂર્વ એમ બે રેખા દિલ્હીથી ગુજરાતના સપાટ પ્રદેશ સુધી જાય છે. અરવલ્લીની પર્વતમાળા જે ગુજરાતના પૂર્વ અને ઉત્તરને બાંધે છે અને તેની અસંખ્ય શાખાઓ જે રાજ્યમાં પથરાયેલી છે. પર્વતો અને ખીણોથી વચ્ચે બહાર નીકળેલી ટેકરીઓ જેવા ભાગમાં દાંતા તાલુકાના ગામડાઓ આવેલાં છે. અરવલ્લીનો અર્થ 'શક્તિનો પર્વત' થાય છે. ભૂસ્તર શાસ્ત્રીય રીતે તે 'ભારતનો જૂનામાં જૂનો પ્રદેશ' કહેવાય છે. અરવલ્લીનો દક્ષિણ ભાગ જંગલથી છવાયેલો પર્વતો અને પહાડવાળી ખીણોનો તેમજ સપાટ પ્રદેશ છે. દક્ષિણભાગ અરવલ્લીના રાજસ્થાન ઉદેપુર અને પાલી જિલ્લા, સુધી વિસ્તરેલો છે. જયારે તેની શાખાઓ ગુજરાતના સાબરકાંઠા જિલ્લા સુધી પહોંચી છે. ગુજરાતમાં તે બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાને ઉત્તર-પૂર્વમાં વિભાજિત છે. આથી દાંતા તાલુકો અરવલ્લીની પર્વતમાળાથી અંકિત થયેલો છે. સીધા ચઢાણવાળા અને ખડકાળ એ પર્વતો ગુલાબી અને રાખોડી ગ્રેનાઈટ(ધાતુ) થી લગભગ ૭૦૦ મીટરથી ઊંચા જણાતા નથી. આ આખો પ્રદેશ સુંદર, ઊંચાઈવાળો અને ચિત્ર સમાન જણાય છે. દાંતા તાલુકો હજારો પર્વતોથી બનેલો છે.

તેમ છતાં પણ તેના કોઈ પણ શિખરો અને પર્વતો રસાળ નથી. આ તાલુકો ગુજરાતની ઉત્તર-પૂર્વની સીમા છે. ઉત્તરે ૨૪ અક્ષાંસ અને ૧૨ રેખાંશ અને પૂર્વમાં ૭૨ અક્ષાંશ અને ૫૦ રેખાંશ પર આવેલો છે. આ તાલુકાની ઉત્તરે રાજસ્થાન, દક્ષિણે મહેસાણા અને સાબરકાંઠા જિલ્લો, પૂર્વમાં રાજસ્થાનની સરહદ અને સાબરકાંઠા જિલ્લો આવેલો છે.

ભૂરચના :

દાંતા તાલુકાની ભૂરચના જોતાં જણાય છે કે અહીં અરવલ્લીના પર્વતો ગ્રેનાઈટથી બનેલા છે અને તે જુદા જુદા તબકકામાં ઘેરા ભૂરા રંગના વજનદાર અને વ્યવસ્થિત રીતે ગોઠવાયેલા છે. અરવલ્લી અને તેને મળતા બીજા પર્વતો ખનીજ અને ધાતુથી સભર છે. આરસ, ચુનાનો પત્થર, બોકસાઈટ, સીમેન્ટના પત્થર માટેના ખડકો આ વિસ્તારમાં મોટા પ્રમાણમાં મળી આવે છે. અહીં વ્યાપારી દૃષ્ટિએ કામ કરી શકાય તેવા બેન્ટોનાટઈ, કેલ્સાઈટ, ફુલસઅર્થ, રેતીનો પત્થર, વોલેસ્ટોનાઈટીસ, અને જસત, તાંબુ અને શીશાને લગતો મુખ્ય ખનીજો છે.

જંગલ :

આ પર્વતમાળાઓ અને ખીણો પહેલા ગાઢ જંગલથી છવાયેલી હશે. આજે પણ જંગલો છે પણ ખીણોમાંથી ઝાડો કપાતા હોવાથી અહીંની ખીણો-માંથી જંગલનો મોટેભાગે નાશ થયો છે. ઉત્તર અને ઉત્તર-પૂર્વમાં હજુ પણ જંગલ ઘણા ગાઢ છે. જંગલમાં મુખ્ય વૃક્ષો સાગ, ખાખરો, જાંબુડા, લીમડો, મહુડા, વાંસ વગેરે છે.

જંગલની ગૌણ પેદાશો બળતણ માટેનું લાકડું, ગુંદર, ટીમરુંના પાન, આવળ, કાળી ધોળી મુસળી, ખાખરાના પાન, ખજૂરી, કણજીનાં બી, વાંસ, લાખ, મધ મુખ્ય છે.

પ્રાણીઓ :

દાંતા તાલુકાનું જંગલ પહેલા પ્રાણીઓથી ઘણું સભર હતું. આમાં જુદી જુદી જાતના પ્રાણીઓ જેવાકે વાઘ, ચિત્તો, દીપડો, સાબર, રીંછ,

જંગલીડુક્કર, શાહુડી, શિયાળ, વગેરે.હવે જંગલી પ્રાણીઓનો ધીમે ધીમે નાશ થયો છે. આમ છતાં ક્યારેક જોવા મળે છે. આજે પણ આ જંગલમાં અને ગામડાઓમાં વાંદરાઓ દરેક જાતના સાપ, જુદી જુદી જાતના પ્રક્ષીઓ તેમજ ઘરઆંગણાના પશુઓમાં ભેંસ, બળદો, બકરીઓ, ઘેટાંઓ મોટાભાગના ખેડુતો ઉછેરે છે.

આમ આ વિસ્તારને બે કુદરતી ભાગમાં વહેંચી શકાય છે.

(૧) સપાટ અને નીચી જમીનવાળો પ્રદેશ

(૨) ઉપરનો પર્વતવાળો પ્રદેશ.

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર અને દાંતા તાલુકાઓમાં આદિવાસી વસતિ વિશેષ છે. દાંતામાં ૪૫.૫૭ ટકા અને પાલનપુરમાં ૧૨.૦૨ ટકા છે. ઈકબાલગઢ અને અમીરગઢથી શરુ થતો પહાડી પ્રદેશ જેમાં બાલારામ, વિરમપુર, સિન્બલ, અંબાજી, પોશિના, દાંતા મોટી નાની ટુડીયા.આ સમગ્ર પ્રદેશ જંગલ અને પહાડોવાળો વિસ્તાર છે. જેમાં જંગલો વત્તાઓછા પ્રમાણમાં છે. પણ પહાડી વિસ્તાર છે જેની ઊંચાઈવાળી જગ્યાઓમાં આદિવાસી વસતિના ગામો છે. જેઓનો મુખ્ય વ્યવસાય ખેતી, પશુપાલન, જંગલગૌણ પેદાશ એકત્ર કરવી અને કંઈ ન મળે ત્યારે છુટકમજૂરી કરી જીવનનિર્વાહ કરતી આ પ્રજા ખુબ ખડતલ અને શશક્ત છે. આ સમગ્ર વિસ્તાર રાજસ્થાન સરહદ સાથે જોડાયેલો હોવાથી રાજસ્થાની સરહદના ગામો સાથે સામાજિક વહેવારો પણ છે. ખુબ નજીકના ગામોનો પહેરવેશ અને બોલી સુધ્ધાંની અસર વર્તાય છે. આમ છતાં આ આદિવાસી વિસ્તારને ત્રણ ભાગમાં વહેંચી શકાય તેમ છે.

(૧) અંબાજીથી દાંતા જેમાં હડાદ, નાની મોટી ટુડીયાનો સમગ્ર વિસ્તારનો સમાવેશ કરી શકાય.

(૨) અંબાજીથી વિરમપુર વિસ્તાર જેમાં સિન્બલ, બાલારામ, સુધીના સમગ્ર પહાડી વિસ્તારનો સમાવેશ કરી શકાય.

(૩) ઈકબાલગઢ, અમીરગઢનો પહાડી અને મેદાની વિસ્તાર.

---

ઘટક કક્ષાએ પૂર્ણરોજગારી આયોજન દાંતા તાલુકો, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

આમ આખાય આ વિસ્તારને સ્પષ્ટરીતે ત્રણ ભાગમાં વહેંચી શકાય તેમ છે. આ સમગ્ર વિસ્તારને ખૂબ ધ્યાનથી જોતા ભૌગોલિક રીતે, વસતિની રીતે અને મહદઅંશે વ્યવસાયની દ્રષ્ટિએ પણ ભિન્નતા જોવા મળે છે. ઈકબાલગઢના મેદાની વિસ્તારમાં જે માજીરાણા ભીલોની વસતિ છે તે આ પહાડી આદિવાસી વસતિ કરતાં રહેઠાણ, પહેરવેશ, રિતરિવાજ, દેવીદેવતા, વ્યવસાય વગેરેમાં સવિશેષ રીતે જુદા પડે છે.

આદિવાસી ગરાસિયા અને ભીલોનો ચોકકસ ઈતિહાસ મળતો નથી પણ દાંતા અને પાલનપુરના ડુંગર વિસ્તારોમા વસવાટ કરતા આદિવાસીઓ ઉપર ઠાકોરોનું વર્ચસ્વ હતું. હાલના જંગલો અને ડુંગરો ઠાકોરોની માલિકીના ગણાતા. આદિવાસીઓ તેમની પ્રજાજન તરીકે હતા કેટલાક વડીલોના જણાવ્યા પ્રમાણે આદિવાસી વિસ્તારોમાં ચોરી, લૂટફાટ કે અન્ય કોઈ ગુનાહિત પ્રવૃતિ ન થાય માટે આ ઠાકોરોને તેઓ લાવેલા અને તેમની હકુમત સ્વીકારેલી વિરમપુર વિસ્તારના ૨૮ ગામોમાં તેમની હકુમત ચાલતી હતી.

આદિવાસી પ્રજા પાસેથી હળદીઠ રૂા.૫ અને અનાજનો અમુકભાગ વાવણી ઉપર લેતા. આદિવાસીને ઝુપડું બાંધવું હોયતો ઠાકોરને બોલાવતા ઠાકોર જમીન જોવા આવે જમીનમાં ખાડો ખોદી આપે ત્યાં ઝુંપડું બાંધતા બીજા વર્ષે ૫ રૂા. ચોમાસુ લેતા. આમ અંગ્રેજો આવ્યા તે પહેલાની વ્યવસ્થા હતી. આવી વ્યવસ્થાને જાગીરીના નામે ઓળખવામાં આવતી જેમાં આથીંગડા, ગોઢ, વિરમપુર, દાંતા વગેરેનો સમાવેશ થતો.

આ વિસ્તારના આદિવાસીઓમાં પણ જુદા જુદા જૂથો જોવામાં આવે છે. આમતો માજીરાણા ભીલો સિવાયના બીજા બધા સાથે રહે છે. કેટલાક ગોત્ર પણ મળતા આવે છે. રહેણીકરણી ખાવાપીવામાં ખાસ તફાવત નથી. પહેલા પોશાકમાં થોડો ફેરફાર હતો જે હાલમાં જોવામાં આવતો નથી. જોકે સામાજિક વ્યવહારમાં આ જૂથોનો સ્પષ્ટ ભેદ વર્તાઈ આવતો. અત્યારે એવા ભેદભાવ ખાસ જોવા મળતા નથી. આજૂથોની વસતિ કોઈ ચોકક્સ વિસ્તાર કે ગામોમાં નથી. સમગ્ર વિસ્તારના ગામોમાં તેમના કુટુંબો હોય છે. તેમના મુખ્ય જૂથો. (૧) ભાખરિયા (૨) ભાઢેરિયા અથવા ભાડેરિયા (૩) ગમીતી.

ઘરો :

આદિવાસી ઘરોની દિવાલ માટીની બનાવેલી હોય છે. છત ઉપર માટીના થપેરા ગોઠવેલા હોય છે. અંદર ખજૂરીનું આખું થડ અથવા અન્ય લાકડું વાપરી મેડા જેવું પણ બનાવેલું હોય છે. પ્રવેશ દ્વાર નાનું હોય છે. પણ અંદર બેત્રણ ઓરડાની સગવડ હોય તેવા લંબાઈ, પહોળાઈ,વાળા ઘરો પણ બનાવે છે. કેટલાક વાસળી અને એક ખંડના ઘરો પણ બનાવે છે. ઢોર બાંધવાની વ્યવસ્થા ઘરમાંજ એક ભાગમાં રાખવામાં આવે છે. ઘરની આજુ-બાજુ કાંટાની વાડ કરવામાં આવે છે. જેથી વ્યક્તિ કે ઢોર સહેલાઈથી અંદર દાખલ થઈ શકે નહી. આવવા જવા માટે લાકડાની બે ખાંચાવાળી થાંભલી રાખેલી હોય છે. અથવા બે ત્રણ લાકડા જમીનમાં રોપેલા હોય છે. તેને શેડું કહેવામાં આવે છે. ઘરવખરીમાં ખાટલા, ગોદડી, પિત્તર, એલ્યુમિનિયમ અને માટીના વાસણો જોવા મળે છે. ખેતીના સાધનો ઘરની દિવાલે વાડામાં રાખે છે. વાજિત્રોમાં ઢોલ મુખ્ય છે. તીર અને કામઠી તેમનું મુખ્ય હથિયાર છે. તે લગભગ દરેક કુટુંબમાં હોય છેજ. તલવાર પણ રાખે છે.

પહેરવેશ :

સ્ત્રીઓ ઘેરવાળો ઘાઘરો પહેરે છે. મોટાભાગે એક રંગનો હોય છે. નીચે લાલ પટ્ટી હોય છે. લાલ રંગના કપડાનો ઉપયોગ વિશેષ થાય છે. ઓઢણાને લુગડું કહેવામાં આવે છે તેને ગવન પણ કહે છે. બદન પર ઝુલરી પહેરે છે. તેને કાસળી કહે છે તે જુદા જુદા રંગના કપડામાંથી કે એક રંગીન કપડામાંથી બનાવેલી હોય છે. પાછળ દોરી બાંધવાની કસ હોય છે. હાથે કોણી સુધી બલૈયા પહેરે છે કેટલીક સ્ત્રીઓ ઓછી બંગડી પહેરે છે. ગળામાં રૂપાની હાંસળી, કાને ઝુમરા કે કાંટો પહેરે છે. ગળામાં વારલો, દામણી કાનમાં પહેરવાનું ગરેલું, કંદોરો સ્ત્રી, પુરુષો બન્ને પહેરે છે. તે ચાંદીનો હોય છે. પગે કડલાં તે ચાંદી કે હલકી ધાતુના પણ હોય છે. નાકે કાવલી હાથે લાખની ગાંઠણી, ઢોલાં આંગળીઓમાં વીંટી વગેરે પહેરે છે.

<u>પુરુષો</u> :

ધોતિયુ, ઝુલરી અને માથે લાલ પાઘડી પહેરે છે. ધોળી પાઘડી પણ પહેરે છે. ઘરેણામાં બેડી, ગળામાં હાંસળી, ઝુલરી ઉપર ચાંદીની સાંકળ સાથે બટન પહેરે છે. બેડી ઉપર ક્યારેક લાગળ પહેરે છે. કાનમાંની મરચી સોનાની કે પિત્તળની હોય છે. આ સિવાય કાનમાં ઝોલા પણ પહેરે છે. હાથમાં તીર કામઠુ કે તલવાર રાખવાના શોખીન હોય છે. કેટલાક શોખીન જુવાનીયાઓ હાથેપગે રંગબેરંગી હાથરૂમાલ બાંધે છે.

<u>વ્યવસાય</u> :

અહીના આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી, પશુપાલન અને ગૌણ વ્યવસાય જંગલ ગૌણ પેદાશો એકત્ર કરવાનો છે. ખેતી બળદ અને દેશી હળથી કરવામાં આવે છે. મુખ્ય પાક મકાઈ, અડદ, બાજરી, તુવેર, કપાસ છે. વર્ષ નબળુ આવતાં પારાવાર મુશ્કેલી અનુભવે છે. આથી રાહતકામની કે અન્ય મજુરી ઉપર આધાર રાખી જીવનનિર્વાહ કરી રહેલા જોવા મળે છે. વરસાદના અભાવે જંગલોમાં ખુબ ઝડપી ઘટાડો થઈ રહ્યો છે. કારણકે નવા જંગલો ઉગાડી શકાતા નથી અને જે છે તે સુકાઈ રહ્યા છે. અથવા ઘાસ ચારા માટે કપાઈ રહ્યા છે. આથી જંગલોની જગ્યાએ જંગલ વગરના ડુંગરા અને ખુલ્લી જમીનો સવિશેષ જોવા મળે છે. આમ છતાં ઉંડાણના વિસ્તારોમાં જ્યાં જંગલનું પ્રમાણ સારૂ છે. ત્યાં ગુગળ, અરિઠા, ધવ, રતનજોત, આમળા, કણજીનાબી, કાળી-ધોળી,મુસળી, મધ, મીણ, ગલ્લાનો ગુંદર, વગેરે પેદાશો પહેલા ઘણા પ્રમાણમાં મળતી,હાલમાં આ પ્રમાણ ઘટતુ જઈ રહ્યાં છે. આમ છતાં નિગમ દ્વારા અને ખાનગી વેપારીઓ દ્વારા આ બધીજ ચીજો એકત્ર કરવામાં આવે છે.

## પ્રકરણ - ૨

## વનૌષધિ અને પધ્ધતિ

આગળ જોયુ તેમ આબુથી અંબાજી સુધીના પર્વતોમા જંગલનું પ્રમાણ થોડુ સચવાઈ રહ્યું છે. જોકે ઉપરાઉપરી દુકાળના કારણે નજીકના મગરામાંથી જે વનસ્પતિ દવા મળતી તે હવે દુરના મગરાઓમાંના ગાઢ જંગલમા લેવા જવુ પડે છે. આ વિસ્તારમાં જે વનસ્પતિ દવામાં વપરાતાં ઝાડો થાય છે તે ઘણીજ ઉપયોગી અને અસરકારક હતી, તેમ જાણવા મળે છે. આધુનિક દવાઓ તો હમણા શોધાઈ, પણ જંગલના આદિવાસીઓ વર્ષોથી અનેક રોગોના ઉપચાર માટે જંગલમાંથી જડીબુટ્ટી શોધી લાવી આ વનસ્પતિજન્ય દવાઓનો ઉપયોગ કરતા. આદિવાસી જીવનને સમૃધ્ધ બનાવવામા જંગલનો ફાળો નાનો સુનો નથી. હાલની જંગલની નીતિને લીધે જંગલોનો ઉપયોગ ખુબજ મર્યાદિત રીતે તે કરી શકે છે. વનસ્પતિ અંગેનું તેમનું જ્ઞાન પણ હવે થોડી વ્યકિતઓ પૂરતું સીમીત જ રહ્યુ છે. આની અસર તેમની તંદુરસ્તી પર પણ થઈ છે. હવે તેઓ આપમેળે પોતાના રોગનો ઉપચાર પહેલા જેટલો કરી શકતા નથી. કંજોરાના બાગાભાઈ સદાભાઈ પરમાર જેઓ આશરે પંચાણુ વર્ષના વડીલ છે તેઓ પહેલા ઘણી દવાઓ જાણતા તેમનું નામ એ વિસ્તારમાં દવાવાળા તરીકે જાણીતું હતું. તેમની મુલાકાત લીધી તેમને જણાવ્યું કે, " પહેલા જંગલ મગરાની જડીબુટ્ટી કરતા હવે કોઈ દવા કરવાવાળો નથી. હવેતો ઈસ્પીતાલ છે તે સાચી " આમ દવાખાનાનો ઉપયોગ વધ્યો છે તે જોઈ શકાય છે. આમ છતાં વનસ્પતિ દવા નથી થતી તેવું પણ નથી. ધનાભાઈ લાધાભાઈ ચૌહાણ ગામ પીપળાવાળી વાવ અને જાનાભાઈ રજાભાઈ ગમાર, ગામ ચોરાસણીવાળાએ વિસ્તારમાં એટલોતો જાણીતો છે કે શહેરોમાથી પણ લોકો દવા લેવા તેમને ત્યાં આવે છે. કેટલાતો દવાખાનાથી પણ હારી-થાકીને વનસ્પતિ દવા લેવા આવે છે. તેઓ જાતે પણ ક્યારેક દવા આપવા શહેરમાં જાય છે. આમ વનસ્પતિ દવા કરાવનારનું પ્રમાણ ભલે ઘટ્યું હોય પણ તેનું મહત્વ ઘટ્યું હોય તેવું નથી. અંતરિયાળ વિસ્તારોમાં તો પ્રથમ તેમની દવા લેવામા આવે જ છે. તેનાથી સારુ ન થાય કે દાક્તરી સલાહ લેવા જેવું લાગે તોજ તેઓ દવાખાને જાય છે. એમની માન્યતા પ્રમાણે કંટ્રોલનું અને પાવરવાળું ધાન ખાવાથી રોગો વધ્યા છે. અને હવે તે "ઝારી દવાથી" ક્યારેક મટતા નથી તેથી દવાખાને જવુ પડે છે.

આ વિસ્તારના દવા જાણકારને દવાવાળા, દવાદારુ કરનાર, વૈદુ ગ્રુ વગેરેના નામે ઓળખવામાં આવે છે. જંગલને "ઝારી" અને ડુંગરને "બાખરા" ના નામે ઓળખવામાં આવે છે. દવા જાણકાર વ્યકિતઓએ પોતે પાંચથી વીસ વર્ષોથી દવા જાણતા અને કરતા હતા એમ જણાવેલું. તેઓએ આ જાણકારી (૧) કુટુંબીજનો પાસેથી (૨) કોઈ દવા કરે તે ભાળીને (૩) એકબીજાને પુછવાથી (૪) બાપદાદા પાસેથી (૫) આપાપાસેથી (૬) ગુરુ પાસેથી (૭) જાતઅનુભવથી આમ જુદી જુદી રીતે મેળવી છે.

આ વિસ્તારના જાણકારોમાં એક વાત એ જોવા મળી કે તેઓ દવા કોઈને બતાવતા નથી અથવા જણાવતા પણ નથી. એમ માને છે કે દવા બીજાને બતાવવાથી તેની અસરકારકતા ઘટી જાય છે. આ માન્યતાને કારણે સંશોધકોને આ માહિતી મેળવવામાં મુશ્કેલી અનુભવી હતી. પંથકમાં જાણકાર તરીકે ઓળખાતા કેટલાય જાણકારો પાસેથી પ્રમાણમાં ઘણી ઓછી માહિતી મળી હતી. ક્યારેકતો એક પણ વનસ્પતિ દવા અંગેની માહિતી ન મળી હોય તેવું પણ બનેલું, ક્યારેક જાણતા હોય તેમાંથી અમુકજ વનસ્પતિ દવાઓનો નિર્દેશ કરીને '' બસ એટલુંજ જાણું છું'' તેમ પણ કહીદે ક્યારેક તેનું નામ નથી જાણતા અથવા તો તેનું નામ દઈ શકાય તેમ નથી તેમ ગણી પણ નામ બતાવવામાં ઘણીજ આનાકાની કરતા હોય તેમ લાગ્યું તેની પાછળ બીજા પણ કારણો હોય તેમ લાગ્યું તેમ અજાણ્યાપણું, સાથે ગામની કોઈ વ્યક્તિ હોય, શું કરવા માહિતી માગતા હશે, સરકારી લફરું થાય, બીજા લોકો જાણી જાય તો પોતાની પાસે કોઈ ન આવે આમ ઘણાં પરિબળો કામ કરતા હોય તેમ લાગ્યું. તેમ છતા જે માહિતી મળી છે તે ઘણીજ ઉપયોગી અને સચોટ માહિતી છે. જે સંશોધકો, સમાજશાસ્ત્રીઓ અને સમાજને ઘણી રીતે ઉપયોગી થઈ શકે તેમ છે. વળી આ માહિતીને આધારે વિકાસના કામોમાં પણ વેગલાવી શકાય તેમ છે. કારણકે આરોગ્ય અને કુટુંબકલ્યાણ વિષયક બાબતોમાં ઘણી સારી રીતે ઉપયોગ કરી શકાય. તેમ છે.

વનસ્પતિ દવાની જાણકાર વ્યક્તિઓએ કેટલાક નિતિ નિયમો પાળવાના હોય છે.તેમ ન કરે તો દવા કામ આવતી નથી તેમ માને છે. દર્દીઓને પણ તેઓ વર્ષોના અનુભવ જન્ય જ્ઞાનને આધારે તપાસે છે તેમાં તેમની જીભ તપાસી જીભ લાલ હોય કે અમુક ધોળેશ હોય તો અમુક રોગ થયો છે તેમ માને છે. કેટલાક સર્વસામાન્ય લક્ષણોને આધારે તપાસી દવા કરતા હોય છે. દર્દીને દવા ચાલે ત્યાં સુધી કેટલીક પરેજી પણ રાખવી પડે છે. તેમાં ખાટી છાશ, ગરમ મસાલા, વગેરે ખાવા આપતા નથી. દવા લાવવામાં ખાસ નિયમો પાળતા હોય તેવું જાણવા મળ્યું નથી. પણ ગોત્રની દવા કરતા હોય તે દરેક વખતે નિયમો પાળવાના હોય છે. ઘરમાં એક જગ્યાએ સ્થાનક બનાવે છે ત્યાં કાળી ચૌદસને દિવસે એક શ્રીફળ મુકવામાં આવે છે તે બારમાસ માટે રહે. બીજા વર્ષે બીજુ મુકવામાં આવે, આગળનું ભોગ ધરાવી વહેંચી દેવામાં આવે. દર્દીએ પણ સારું થાય કે તરતજ શ્રીફળ અને ધુપ

આપવાનો હોય છે. ડાઘુ તરીકે ગયા હોય તો ઘરે આવી ફરી સ્નાન કરી, અગરબત્તી કરી, પછી ખાઈ શકાય છે. આભડછેટ પાળવામાં આવે છે. કાળુ રિંગણ, અડદની દાળ, કાબરું ડાંગરું, નઈ, કોળી, પીંડુ, વગેરે વસ્તુઓ ભગત ખાઈ શકતો નથી. આ બધી વસ્તુઓ ચટાપટ્ટાવાળી સાપ કે ઝેરી જાનવરના આકારની હોય છે. માટે ખાતા નથી. આભડછેટવાળી જગ્યાએ પાણીકે ચા પીતા નથી. દર્દી આવે ત્યારે તેને બહાર સુવાડવામાં કે બેસાડવામાં આવે છે. એક કપડું લઈ તેનો એક છેડો ચુસવામાં આવે છે. તે ચુસના ભગતના મોમાં ઝેર આવે છે તે ભગત બહાર થુંકી દે છે. આમ જ્યારે ઝેર પુરુ થાય અને લોહી આવે ત્યાં સુધી ચુસવામાં આવે છે. લોહી આવે ત્યારે દર્દીને સારું થશે તેમ માનવામાં આવે છે. આ પ્રક્રિયાને ''ઉજલી નાખવી તેમ પણ કહેવામાં આવે છે.'

આ સિવાયની બીજી દવાઓ કરવામાં કોઈ ખાસ નિયમો હોતા નથી. પણ આ વિસ્તારમાં એક માન્યતા એ ખાસ પ્રવર્તે છે કે ચોરી કરેલી દવા વધારે અસરકારક હોય છે. દા.ત. જાણકાર વ્યક્તિ દવા લેવા જાય ત્યારે બીજી વ્યક્તિ ચોરી છુપીથી તે દવા જોઈલે અને તે દવા બીજાને આપે તો વધારે ગુણકારી હોય છે તેમ માને છે. જાણકાર વ્યક્તિ કરતા ઓછી માત્રામાં તે દવા આપે તો પણ તે તેટલીજ અસર કરે છે એમ મનાય છે.

કેટલાક દર્દોમાં ડામ દેવામાં આવે છે તેને ''ટાઢો'' કહેવામાં આવે છે. કેટલાક દવાવાળા વાઈ, ટાલરિયું, (નાના બાળકોનું પેટફુલી જાય તેવું દર્દ) આંતરગાંઠ (અંડકોષ વૃધ્ધિ), કાનના દુઃખાવામાં સોયનો અથવાતો કપડાની વાટ કરી તેલ લગાડી સળગાવી તેનાથી ડામ દેવામાં આવે છે. ક્યારેક પેટમાં દુઃખાવાની ફરિયાદ કરવાવાળાને પણ ડામ દેવામાં આવે છે. આમ દવા કરવાની જે પધ્ધતિ છે તે વંશપરંપરાગત કરવામાં આવે છે. ડામ દેવો નસ વિધવી વગેરેની પ્રથા દરેક વિસ્તારમાં વત્તાઓછા પ્રમાણમાં જોવા મળે છે. ગર્ભપાત એ દરેક વિસ્તારના આદિવાસીઓમાં પાપ તરીકે ગણવામાં આવે છે જેના કારણે દવા જાણતા હોવા છતાં તે દવા કરતા નથી અથવા અમુક ખાસ કિસ્સાઓમાંજ એનો ઉપયોગ કરવામાં આવે છે. આના કારણે ત્યાં કુટુંબ નિયોજનનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. જોકે હમણાં હમણાં કેટલાક વિસ્તારોમાં દાયણ તરીકે કામ કરતી સ્ત્રીઓ કુંવારી કે અન્ય

પુરુષો સાથેના સંબંધોને કારણે ગર્ભ રહ્યો હોય તેવા કિસ્સાઓમાં ગર્ભપાત કરતી હોય તેવું જાણવા મળે છે.

હવે આ વિસ્તારના જાણકાર વ્યકિતઓ વડીલો અને અનુભવી વ્યકિતઓની મુલાકાત લઈ વનૌષધિઓની જે માહિતી મેળવી છે તેની વિગતો જોઈએ. આ વિગતો વનસ્પતિ દવાના આદિવાસી, ગુજરાતી અને વનસ્પતિ શાસ્ત્ર વિષાયક નામ મેળવવાનો પ્રયત્ન કર્યો છે. ત્યારબાદ ક્યા રોગમાં ઉપયોગી, કેટલા દિવસમાં રોગ મટે, દવા ક્યાં ક્યારે મળે, દવા તરીકે શું વપરાય કેવી રીતે વપરાય અને કેટલા પ્રમાણમાં વપરાય તેની વિગતો જે તે દવા બીજા કોઈ રોગમાં વપરાતી હોય તો તેની વિગત અને છોડ, વેલ કે ઝાડનું વર્ણન આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ રીતે વિગતે માહિતી એકત્ર કરી, કોઠા સ્વરૂપે મૂકવામાં આવી છે.

પાલનપુર અને દાંતા તાલુકાના જાણકાર વ્યકિતઓ પાસેથી જે માહિતી મળી છે તેની વિગતો જોઈએ.

| ક્રમ | ઔષધિનું નામ આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વાલીયારોટી | | | પગામાં કાંટો વાગી ગયો હોય તેમાં | ૨૪ કલાકમાં | જંગલમાં ચોમાસે, શિયાળે | પાન લાવી વાટી ગોળમાં ગોળી બનાવીને ખવવાથી નિકળી જાય અથવા ગળી જાય છે. | - | બાટવા જેવું ઝાડ આવે છે. પાન આંબલી જેવા આવે છે. ઉનાળે સુકાઈ જાય છે. |
| ૨. | જંગલીકોદો | કોળકંદ | અર્જિનિયા-ઈન્ડિકા | ગુમડા માટે | બે-ત્રણ દિવસમાં | જંગલમાં બારેમાસ ચોમાસે વધારે મળે | ડુંગળી જેવો આવે છે. તે લાવી ગરમ કરી ગુમડા ઉપર બાંધવાથી ગુમડું ફાટી જાય છે. | - | કોદો ડુંગળી જેવો આવે છે. જંગલમાં થાય છે, ખાવાના ઉપયોગમાં આવતો નથી. |
| ૩. | કોઠીનાપાન | કોઠી | ફેરોનિયા-એલેફેન્ટિનમ્ | શરીરની ગર્મીમાં | બે ત્રણ દિવસમાં | જંગલમાં બારેમાસ | કોઠીના પાન લાવી વાટી અંદર થોડી સાકર નાખી એક રાત ઘર ઉપર મૂકી રાખવું, સવારે તે પીવું. | - | કોઠી મોટું ઝાડ છે બીલા જેવા ગોળ ફળ આવે છે. બારેમાસ મળે છે. |
| ૪. | લીંબડી તાંતણો | લીમડો | એઝાડિરેક્ટા ઈન્ડિકા | સાપકરડે તો | એકવાર પાવાથી | દરેક જગ્યાએ બારેમાસ | લીમડાની છાલ અને તાંતણ વેલાનાં મૂળનું મીશ્રણ કરી ૫૦ ગ્રામ જેટલું પાવાથી ઉલટી થઈ ઝેર ઉતરી જાય છે. | | લીમડો મોટું ઝાડ છે આવે છે. તાંતણો કોઠીમણા જેવો વેલો આવે છે. પાન મોટા આવે છે. |

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫. | કેકોલાનું મૂળ | કકોડી | મોમોર્ડિકા ડાયોઈકા | સાપના ઝેરથી સોઝો આવે તેમાં | એક બે દિવસમાં | જંગલમાં ખેતરમાં બારેમાસ | કંકોલાની ગાંઠ લાવી ઝેરી જાનવરના ડંખની આજુ-બાજુ જ્યાં સોઝો આવ્યો હોય ત્યાં લગાડવામાં આવે છે. | - | કંકોલાએ વેલ આવે છે. ચોમાસામાં થાય છે. તેના મૂળમાં કંદ થાય છે તેનો ઉપયોગ કરવો. |
| ૬. | ખટખટુમ્બો | ખાટ-ખટુંબા | વાઈટિસ-કાર્નોસા | વિછીના ડંખમાં | તાત્કાલિક | ચોમાસામાં ગામડામાં/ જંગલમાં | તેના પાન લાવી ઝીણાં વાટીને તેના ડંખ ઉપર ચોપડવાથી તાત્કાલીક આરામ થાય છે. | - | વાલોળ જેવો વેલો હોય આવે છે. ચોમાસામાં આવેલા ઘણા થાય છે. |
| ૭. | ખરસાણી | દૂધવગરની ખરસાડી | | વિંછુના ઝેરમાં | તાત્કાલિક | જંગલમાં બારેમાસ | દૂધ વગરની ખરસાડીનું મૂળ લાવી ઘસી ડંખ ઉપર ચોપડવાથી તાત્કાલિક આરામ થાય છે. | - | ખરસાડી વાડ કરવામાં વપરાય છે. તેમાં જે દૂધ વગરની આવે છે તેનો ઉપયોગ કરવો. |
| ૮. | કણુમ્બરો | કણઝી (કરંજ) | પાનગેમિયા-ગ્લેબ્રા | દાઢ દુઃખે તેમાં | એકવાર નાખવાથી | દરેક જગ્યાએ બારેમાસ | કણાપાન લાવી મસળી જે બાજુની દાઢ દુઃખતી હોય તેની વિરૂધ્ધના કાનમાં બેટીપા રસ પાડવો કાનમાં જો પછી પાણી કાઢી નાખવું. | - | કણઝી મોટું ઝાડ આવે છે. દરેક જગ્યાએ થાય છે. |

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | બોટનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પદ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯. | ટીટવી | | | ઢોરનું હાડકું ભાગે તેમાં | એકવાર પાવાથી | બારેમાસ જંગલમાં | મૂળ ખોદી લાવી ઝીણાં વાટી ૫૦૦ ગ્રામ જેટલું પાણી પાવું. એકવાર પાવાથી આરામ થાય છે. | - | ત્રણ પાનવાળો ખાંચો આવે છે. વાલોરના જેવા પાન જાડા આવે છે. |
| ૧૦. | ગરજીઓ | | | ,, | બેચાર દિવસમાં | જંગલમાં બારેમાસ | ઝાડ ઉપર ગાંઠ થાય છે તે ગાંઠો લાવી વાટીને પાણી સાથે ૫૦૦ ગ્રામ જેટલું પાવાથી હાડકું સંધાઈ જાય છે. | - | મોટું ખીજડા જેવું ઝાડ આવે છે. ચપટી શિંગો લાગે છે. ઝાડની ડાળીઓ એ ગાંઠો લાગેલી હોય છે. |
| ૧૧. | સફેદકોદો | | | ખર ચિતરાના દંશ ઉપર | એકવાર ચોપડાવથી | [illegible] બારેમાસ ઓ,નદી કિનારે પણ થાય છે. | કાંદો લાવી વાટી ડંખવાળી જગ્યાએ એકજવાર ચોપડવાથી સોજો ઉતરી જાય અને આરામ થાય છે. | - | છોડ છે. કેળના જેવા મોટા પાન આવે છે. સુરણ જેવા મોટો કાંદો થાય છે. ભેજવાળી જગ્યાએ વિશેષ થાય છે. |
| ૧૨. | વેરીહરદર | | | ભેમ્ફોરી કરડે તેમાં(સાપની એક ઝેરીજાત) | બે ત્રણ દિવસમાં | ચોમાસામાં જંગલમાં થાય છે. | હળદરજેવા ગાંઠીયા થાય છે. તે લાવી વાટીને દંશની જગ્યાએ ચોપડવાથી આરામ થાય છે. | | છોડ છે. ડાંડાવાળો પાન હોય છે. પાન અરવી જેવા મોટા થાય છે. નીચે હળદર જેવા ગાંઠ લાગેલા હોય છે. |

| ક્રમ | ઔષધિનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પદ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૧૩. | કારેલાનું મૂળ | કારેલી | મોમેર્ડિકા ચારેટિયા | કાનમાં જીવ-જંતુ પેસી ગયું હોયતો | એકબેવાર નાખવાથી | ચોમાસે, શિયાળે જંગલ વાડે મળે | તેનું મૂળ લાવી ઝીણું વાટી અથવા ઘસી કાનમાં નાખવાથી જીવ જંતુ બહાર નીકળી જાય છે. | - | કારેલીવેલ છે. ગોળ કારેલા આવે છે. ચોમાસે શિયાળે થાય છે. |
| ૧૪. | સરગવો | સરગવો | મોરિંગા-ટેરીગોસ્પર્મા | મરડામાં | એકબે વાર આપવાથી | દરેક જગ્યાએ બારેમાસ | સરગવાનો ગુંદ લાવી દહીં સાથે આઠઆની ભાર આપવાથી મરડો મટે છે. | - | સરગવો મોટું ઝાડ આવે છે. દરેક જગ્યાએ થાય છે. લાંબી સિંગો આવે છે. શાક કરવામાં વપરાય છે. |
| ૧૫. | ભાખરાની ડુંગળી | કોળકંદ | અર્જિનિયા ઇન્ડિકા | ગુમડું ફોડવા માટે | ૨૪ કલાકમાં ગુમડું ફૂટે છે. | ડુંગળ જંગલમાં બારેમાસ | જંગલી ડુંગળી લાવી તેને ગરમ કરી થોડું મીઠું ભભરાવી બાંધવાથી ગુમડું ફાટી જાય છે અને આરામ થાય છે. | - | સફેદ ડુંગળી જેવો છોડ થાય છે. ચોમાસામાં વધારે થાય છે. જમીનમાં ડુંગળી જેવોજ સફેદ કંદ હોય છે. |

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬. | ડોડીસો ઉઝારો | | | માથું દુઃખે તેમાં | બેવાર બાંધવાથી | બારેમાસ, જંગલમાં વિરમપુર વિસ્તાર | પાન લાવી ગરમ કરી માથે બાંધવાથી માથું દુઃખતું હોય તો આરામ થાય છે. | – | વેલ આવે છે. કાજ જેવાં પાન આવે છે. ઝાડ ઉપર ચઢે છે. |
| ૧૭. | કરુંમ્બરી | કુંમ્બોઈ | | મધુરો (જીભ જાડી થઈ જાય, ફાટી જાય તેમાં) | બે ત્રણ દિવસમાં | દરેક જગ્યાએ થાય છે વાડે કે જંગલમાં થાય છે. | કરુંમ્બરીની સોટીનું દાતણ બે ત્રણ દિવસ કરવાથી મધુરાનો રોગ મટી જાય છે. | – | કરુંમ્બરી સોટીઓવાળું ઝાંખરું છે. પાન જીણાં આંબલી જેવાં આવે છે. બારેમાસ મળે છે. |
| ૧૮. | બાવળ | બાવળ | એકેશિયા અરેબિકા | ખીલ | બેત્રણ દિવસ બાંધવાથી | દરેક જગ્યાએ બારેમાસ | બાવળની પાલી લાવી વાટી ખીલ ઉપર બાંધવાથી ખીલ મટી જાય છે. | – | બાવળ મોટું ઝાડ આવે છે. કાંટાવાળું હોય છે. જંગલી બાવળની પાલી પણ વપરાય છે. |
| ૧૯. | ધતૂરો | ધંતૂરો | ધટુરા સ્ટ્રોમોનિયમ | ખીલ/ગુમડું | બેત્રણ વાર બાંધવાથી | દરેક જગ્યાએ બારેમાસ | ધતુરાનું પાન ગરમ કરી ખીલ ઉપર બાંધવાથી બરાબર પાકીને ફાટી જાય છે. | – | ધતુરો છોડ છે. કાળો અને સફેદ એમ બે જાત હોય છે. ખૂબ ઝેરી ગણાય છે. તેના ફળ ગોળ કાંટાવાળાં હોય છે. |

| ક્રમ | ઔષધનું નામ: આદિવાસી | ગુજરાતી | બોટનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦ | આકડો | આકડો | જાઈગેટ્યા | પેટનો દુઃખાવામાં | એક બે વાર બાંધવાથી | દરેક જગ્યાએ બારેમાસ | આકડાના પાન લાવી ગરમ કરી પેટ ઉપર સીધો બાંધવાથી પેટનો દુઃખાવો જરૂર દૂર થાય છે. | - | આકડો છોડ છે. મોટા પાન આવે છે. તોડવાથી દૂધ નીકળે છે. તેના ફૂલ હનુમાનજીને ચઢે છે. |
| ૨૧ | કંનોર | કંનોર | | દાઢ દુઃખે તેમાં | એક બે વાર લગાડવાથી | બારેમાસ જંગલ ખેતરમાં | કંથેરનું મૂળ લાવી સોઝા ઉપર લગાડવાથી સોઝો ઉતરી જાય છે. | - | કંથેર કાંટાવાળું ઝાડ આવે છે. દરેક જગ્યાએ થાય છે. બારેમાસ પાન આવે છે. |
| ૨૨ | આકડો | આકડો | થાઈ ગેટ્યા | વિંછીના ડંખ ઉપર | તાત્કાલિક | દરેક જગ્યાએ બારેમાસ | આકડાનું પાન લાવી થોડું ગરમ કરી મસળી જે પાણી નીકળે તેનું ડંખ ઉપર ચોપડવાથી તાત્કાલીક આરામ થાય છે. | - | આકડાનો મોટો છોડ આવે છે. દરેક જગ્યાએ થાય છે. |
| ૨૩ | ગ્રામોફોનની થાળીનો ટુકડો | ગ્રામોફોન થાળી | - | વિંછીમાં | તાત્કાલિક | - | ગ્રામોફોનની ડીસનો ટુકડો ઘસી ડંખ ઉપર મૂકવાથી વિંછીનું ઝેર ઉતરી જાય છે. | - | |

| ક્રમ | ઔષધનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસ માં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિની વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટનિકલ | | | | | | |
| ૨૪ | અરડૂસી | અરડૂસી | અધાટોડા વાસીકા | ઉધરસમાં | બેત્રણ દિવસમાં | બગીચામાં | અરડુસીના પાનનો રસ પીવાથી ઉધરસ મટે છે. ૫૦ ગ્રામ જેટલો. | - | અરડુસીનો છોડ |
| ૨૫ | ગધેડીની મેલી | ગધેડીની મેલી | | તજાગર્મીના રોગમાં | એકજવારમાં | ગધેડી રાખતા હોય તેવા કુટુંબો પાસેથી | ગધેડીની મેલી લાવી પગે ખુંદવાથી ગર્મી દરુ થાય છે. | - | ગધેડીને પ્રસુતિ થાય ત્યારે તેનેજે મેલી પડે તેમાં પગ મુકી ખુદવામાં આવે છે. આ પ્રયોગ વખત પગે બહુજ બળતરા થાય છે. |
| ૨૬. | નાના બાળક નો પેશાબ | | | કાનમાં દુઃખે તેમાં | એક બે દિવસમાં | - | દુઃખતા કાનમાં નાના બાળકનો પેશાબ નાખવાથી બે દિવસમાં આરામ થાય છે. | - | નાના બાળકના પેશાબને વાઘનું મૂતર પણ કહેવામાં આવે છે. |
| ૨૭ | ખાડે ઘી ખાવાથી ગરમપાણીમાં પગરાખવાથી | ખાડ-ઘી | | વિંછીના ડંખમાં | તાત્કાલિક | દરેક જગ્યાએ | વિંછીનો ડંખ થયો હોય તે ભાગ ગરમ પાણીમાં રાખવાથી વેદના ઓછી થાય છે. સાથે ખાડ અને ઘી પણ ખવડાવે છે. | - | - |

| ક્રમ | ઔષધનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૨૪ | અરડુસી | અરડુસી | અધાટોડા વાસીકા | ઉધરસમાં | બે-ત્રણ દિવસમાં | બગીચામાં | અરડુસીના પાનનો રસ પીવાથી ઉધરસ મટે છે. ૫૦ ગ્રામ જેટલો. | - | અરડુસીનો છોડ |
| ૨૫ | ગધેડીની મેલી | ગધેડીની મેલી | | તજાગર્મીના રોગમાં | એકજવારમાં | ગધેડી રાખતા હોય તેવા કુટુંબો પાસેથી | ગધેડીની મેલી લાવી પગે ખૂંદવાથી ગર્મી દૂર થાય છે. | - | ગધેડીને પ્રસુતિ થાય ત્યારે તેનેજે મેલી પડે તેમાં પગ મુકી ખૂંદવામાં આવે છે. આ પ્રયોગ વખત પગે બહુજ બળતરા થાય છે. |
| ૨૬. | નાના બાળકનો પેશાબ | | | કાનમાં દુઃખે તેમાં | એક બે દિવસમાં | - | દુઃખતા કાનમાં નાના બાળકનો પેશાબ નાખવાથી બે દિવસમાં આરામ થાય છે. | - | નાના બાળકના પેશાબને વાધનું મૂતર પણ કહેવામાં આવે છે. |
| ૨૭ | ખાંડને ઘી ખાવાથી ગરમપાણીમાં પગરાખવાથી | ખાંડ-ઘી | | વિંછીના ડંખમાં | તાત્કાલિક | દરેક જગ્યાએ | વિંછીનો ડંખ થયો હોય તે ભાગ ગરમ પાણીમાં રાખવાથી વેદના ઓછી થાય છે. સાથે ખાંડ અને ઘી પણ ખવડાવે છે. | - | - |

| ક્રમ | ઔષધનું નામ | | | કયા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૨૮ | ડુંગળીનો રસ | ડુંગળી (કાંદા) | એલીયમ સેપા | લુ લાગી ગઈ હોય તેમાં | તાત્કાલિક | દરેક જગ્યાએ | લુ લાગી હોય તો ડુંગળીનો રસ પગના તળીએ ઘસવાથી આરામ થાય છે. | - | ડુંગળી એ કંદ છે. દરેક જગ્યાએ મળે કચુમ્બર તેમજ શાકમાં વપરાય છે. |
| ૨૯ | લીલ | લીલ (શેવાળ) | તુલ્લબ | પગના તળીયે બળતરા થાય તો | તાત્કાલિક | પાણીમાં | પાણીમાં લીલ થાય છે તે લાવી પગે ચોપડવાથી બળતરા ઓછી થાય છે. | - | લીલ પાણીમાં થાય છે. |
| ૩૦ | ગવારના પાન | ગુવાર | સાયેમોપ્સિસ-સોરેલિ-ઓઈડીશ | ઘા પડે તેમાં | એક બેવાર બાંધવાથી | ચોમાસામાં ખેતરમાં | શરીરના કોઈપણ ભાગમાં ઘા પડે તો ગવારના પાંદડાં મસળી તેનો રસ ઘા ઉપર ચોપડવો અને તે બાંધવો. | - | ગવાર એ છોડ છે. તેની શિંગનું શાક થાય છે. એ ચોમાસામાં ખેતરમાં ઓરવામાં આવે છે. |
| ૩૧ | કેડાની છાલ | કેર ડો | કેપેરીસ ડેવાઈનોઝા | આદાશી | એકવાર લગાડવાથી | જંગલમાં વગડામાં બારેમાસ | કેડાની પૂર્વ દિશાની છાલ લાવી ઘસી કે વાટી કપાળે ચોપડવાથી આધાશી તાત્કાળ દૂર થાય છે. | - | કેડો એ કાંટાવાળું ઝાડ છે. તેના ફળનું અથાણું થાય છે. લાલફૂલ આવે છે. કાંટા હોય છે. બહુ મોટું ઝાડ નથી. |

| ક્રમ | ઔષધનું નામ – આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૨. | છાશ | છાશ | | ઉનાળામાં પગની કડતર થાય તેમાં | તરતજ | દરેક ઘેર ગામડામાં | ઉનાળાની ગરમીથી પગે દાહ થાય તો છાશ માં પગ બોળી રાખવાથી દાહ દૂર થાય છે. | – | છાશ દહીંમાંથી બને છે. માખણ કાઢી લીધેલ પછી જે બાકી વધે તેને છાશ કહે છે. વલોણા ની છાશ ઉત્તમ છે. |
| ૩૩ | પાણીવેલો | | | પેટમાં દુઃખતું હોયતો | એક દિવસમાં | જંગલમાં બારેમાસ | વેલો લાવી ઝીણો વાટી ને પાણી સાથે પાવાથી દુઃખતું મટકી જાય છે. | – | પાણી વેલો એ વેલો છે. તેના પાન કુકરપાડાના પાન જેવા આવે છે. |
| ૩૪ | કાટી હેરજી | | | સ્ત્રીને દિલ બહાર પડતું હોયતો | એક બે દિવસમાં | બિરમપુર વિસ્તારના જંગલમાં | તેનાં મૂળ લાવી, વાટીને પચાસ કે સો ગ્રામ જેટલું પ્રવાહી પાવાથી આ રોટ મટકે છે. | – | વેલો આવે છે. તેને કાંટા હોય છે. |

| ક્રમ | ઔષધિનું નામ: આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫ | ૧) પાઈના છાંડાં<br>૨) બાદરનું છાલું<br>૩) ધાવરીનું છાલું<br>૪) લીંબડાનું છાલું | <br><br>ધાવરી<br>લીમડો | <br><br>ગ્રિમલિયા ટિલિફોલિયા<br>એઝાડિરેક્ટા ઈન્ડિકા | કયરાના રોગમાં (જીફાટી જાય, સોઝો આવે તે) કાળી પડી જાય. | બે ત્રણ દિવસમાં | જંગલમાં બારેમાસ | ચારેના છાંડા લાવી ભેગા કરી જીણા વાટીને ૧૦૦ ગ્રામ જેટલું પ્રવાહી બે ત્રણ દિવસ પાવાથી આરામ થાય છે. જીભ કાળી પડી ગઈ હોયતો કાળી ધાવડું છાલું પાવવું | - | ચારે મોટા ઝાડ આવે છે. પાઈના પાન નાનાં હોય છે.<br>–બાદરને ખાખરા જેવાં મોટા પાન હોય છે.<br>–ધાવરીને ખાખરાનાં પાનથી નાના પાન હોય છે.<br>–ધાવરીકાળી અને સફેદ એમ બે જાતની આવે છે. |
| ૩૬. | ૧) મરઘીનું ઈંડું | મરઘીનું ઈંડું | | હાડકું ભાગે તેમાં | એક ઈંડું પાવાથી | ગામડામાં/ મરઘા ફાર્મ કે દુકાને | ઈંડું દૂધ સાથે પીવાથી હાડકું સંધાઈ જાય છે. | - | [illegible] |
| | ૨) એઠેરીનું મૂળ | | | " | એક બે વાર પાવાથી | જંગલમાં બારેમાસ | એઠેરીનું મૂળ લાવી ઘસી કે વાટી પાવું | - | એઠેરીનું મોટું ઝાડ આવે છે. રીંગણી જેવાં પાન થાય છે. જંગલમાં બારેમાસ મળે છે. |

| ક્રમ | ઔષધિનું નામ આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩) | વાંસની ગાંઠ | વાંસ | ડેન્ડ્રુઝા, મેસ્-ડીનેશિયા | હાડકું ભાગે તેમાં | એક ગાંઠ પાવાથી | જંગલમાં બારેમાસ | વાંસની ગાંઠ લાવી ઘસી કે વાટી પાવાથી સાંધો સંધાય છે. | – | વાંસ જંગલમાં બહુજ થાય છે. તે ઘણા મોટા હોય છે. તે ગણા સખત હોય છે. |
| ૩૭. | હાપી વેલાનું મૂળ | | | સાપ કરડે તો | એકવાર પાવાથી | વિરમપુરના જંગલમાં બારેમાસ | હાપી વેલાનો કંદ લાવી વાટીને તે પાવાથી ઝેર ઉતરી જાય છે. ઉલટી થઈ જાય છે. | – | હાપી વેલ આવે છે. બટકા જેવા રાતા કંદ લાગે છે. ભિંગણી ટુ જેવા પાન હોય છે. |
| ૩૮. | આકલાનું મૂળ | | | સાપના ઝેરમાં | એકવાર પાવાથી | જંગલમાં બારેમાસ | આંકલાનું મૂળ લાવી ઘસી પાવાથી લોહી જામતું અટકે છે. | – | આંકલો મોટું ઝાડ આવે છે. પાન લાંબા આવે છે. |
| ૩૯. | હેગવો | સરગવો | મોરિંગા ટેરીગોસ્પર્મા | મરડા | એક બે દિવસમાં | દરેક જગ્યાએ | સરગવાનો ગુંદ લાવી દહી સાથે સવારે અધોરી જેટલો લેવાથી મરડો મટે છે. | – | સરગવો મોટું ઝાડ આવે છે. મોટી શિંગ આવે છે. શિંગનું શાક થાય છે. પાન ઝીણાં આવે છે. |

| ક્રમ | ઔષધનું નામ: આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૦ | જેગસી | | | મરડામાં/ ઝાડામાં | એક બે દિવસમાં | જંગલમાં બારેમાસ | તેના મૂળ લાવી ઘસીને વાટી ૫૦ ગ્રામ જેટલું પ્રવાહી પાવાથી રોગ મટે છે. | – | છોડ આવે છે. લાંબા પાન આવે છે. |
| ૪૧. | ૧) જીંજીરાની છાલ<br>૨) બાખરાની છાલ | બાખરો | બ્યુટિયા, ફોડોઝા– બ્યુટિયા મોનોસ્પર્મા | " | એક બે દિવસમાં | જંગલમાં બારેમાસ | જીંજીરાની છાલ સાથે બાખરાની છાલ મીશ્ર કરી, ઘસીને પાવાથી મરડો અને ઝાડા બન્ને મટે છે. | – | જીંજીરા મોટું ઝાડ આવે છે. પાન નાના આવે છે. –બાખરો મોટું ઝાડ છે. પાન મોટા આવે છે. |
| ૪૨. | ૧) હાલરનો ગુંદ<br>૨) માથાવાવાળ | માથાના વાળ | | ઉલટી થાય કે ચક્કર આવે ત માટે | એકજવારમાં | જંગલમાં બારેમાસ | હાલરનો ગુંદર અને માથાના વાળ મીક્ષ કરી અગ્નિમાં મૂકી તેની ધુણીનો સ્વાસ લેવાથી ચક્કર કે ઉલટી મટી જાય છે. | – | હાલર મોટું ઝાડ આવે છે. |

| ક્રમ | ઔષધિનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસ મા રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વન[illegible] |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૪૩. | ડોવરી | ભોરીંગણી | સોલેનમ ઝેન્થોકાર્પમ | ઉલ્ટી થાય કે ચકકર આવે તે માટે | એકજ વારમાં | ખેતરમાં જંગલમાં બારેમાસ | મૂળ લાવી બે આંગળ જેટલો ટૂકડો કરી ચાવવાથી ચકકર કે ઉલટી બંધ થઈ જાય છે. | – | ડોવરી([illegible]) છોડ છે. કાંટા હોય છે. નાના ગોળ ફળ આવે છે. પાન રીંગણી જેવા હોય છે. |
| ૪૪. | કુરજો કાગલો | | | નાના બાળકો ના તાવમાં | એકવારમાં | જંગલમાં | પાન લાવી એક વાસણ માં મસળી તેનો રસ કાઢી પાણી સાથે નવડાવવાથી તાવ દુર થાય છે. સવારે અને બપોરે બે ટાઈમ નવડાવવું. | – | કુરજો કાગલો છોડ આવે છે. ખાખરાથી થોડાં નાના પાન આવે છે. |
| ૪૫ | કેબોઈ | કંબોઈ | | ગુમડામાં | બે વાર બાંધવાથી | દરેક જગ્યાએ બારેમાસ | કેબોઈના પાન પાણીમાં ગરમ કરી ગુમડા ઉપર બાંધવાથી ગુમડું પાકી ફાટી જાય છે. બીજી વાર બાંધવાથી રુજાઈ જાય છે. | – | કંબોઈએ સોટીવાળો ઝાડ મુખ્યત્વે વાડમાં થાય. ઝીણાં હારબંધી પાન. |

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસ માં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૬. | ૧) બોરડી | બોરડી | ઝીઝીફસ–જુજુબ | ઝાડા અથવા મરડામાં | બે વાર પાવાથી | જંગલમાં બારેમાસ | ત્રણ ઝાડના છોડીયાં (છાલ) લાવી સરખા ભાગે લઈ કુટીને ૫૦ ગ્રામ જેટલું પ્રવાહી બનાવી પીવાથી ઝાડા કે મરડો મટી જાય છે. | – | બોરડી કાંટાવાળી હોય છે. બોર ખાવા માં વપરાય છે. |
| | ૨) ખાખરો | ખાખરો | બ્યુટિયા–ફોડોઝા બ્યુટિયા મૉનોસ્પર્મા | | | | | | –ખાખરો મોટું ઝાડ છેઈ લગભગ દરેક જગ્યાએ થાય છે. પાન પતરાળામાં વપરાય છે. |
| | ૩) સેતરી | | | | | | | | –સેતરી મોટું ઝાડ છે. પાન ઝીણાં આવે છે. |
| ૪૭ | કોઠેમ્બરી | કોઠી | ફેરોનિયા એલેફેન્ટિનમ | નાના બાળકો ના તાવમાં | બે દિવસમાં | જંગલમાં ખેતરમાં બારેમાસ | કોઠીના પાન લાવી વાટી પાણીમાં ગરમ કરી સ્નાન કરવાથી તાવ ઉતરી જા[illegible] | – | કોઠી મોટું ઝા[illegible] આવે છે[illegible] |

| ક્રમ | ઔષધિનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધિ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૪૮ | કેસુડા | કેસુડાના ફુલ(ખાખર ) | | નાના બાળકના તાવમાં | એક બે દિવસમાં | ફાગણ માસમાં જંગલ/ખેતરમાં | કેસુડાનાં ફુલ લાવી તે ફુલ પાણીમાં ઉકાળી બાળકને સ્નાન કરવાથી તાવ ઉતરી જાય છે. | - | ખાખરાના ઝાડને જે ફુલ આવે છે તેને કેસુડા કહેવાયા આવે છે. ફુલ આવે ત્યારે આખો ખાખરો ફુલોથીજ લચી પડેલો હોય છે. |
| ૪૯ | કેડી | કેરડો | કેપેરીસ સ્વાઈનોઝા | દાઢ દુઃખે તે માટે | એક દિવસમાં | જંગલ/ખેતરમાં બારેમાસ | કેડાની કુણી કુપણો લઈ મસળી તેનો રસ દાઢ દુઃખતી હોય તેના વિરુધ્ધના કાનમાં નાખવાથી દુઃખતી અટકી જાય છે. | - | કેડો મોટો છોડ આવે છે. ક્યારેક મોટું ઝાડ જેવું પણ થાય છે. પીળાફુલ આવે છે. તેના ફળનું અથાણું થાય છે. તેને કેડા કહેવામાં આવે છે. |
| ૫૦ | ફટકડી ધોળીફુગળી | ફટકડી સફેદફુગળી | એલીઅમસેપા | પશુને ઝાડા થઈ ગયા હોય કે પેટમાં દુઃખતું હોયતો | એકવાર પાવાથી | દરેક જગ્યાએ | ફટકડી અને સફેદ ફુગળી મીક્ષ કરી ૨૦૦ થી ૫૦૦ ગ્રામ જેટલું પ્રવાહી પાવાથી ઢોરને આરામ થાય છે. | - | - |

| ક્રમ | ઔષધીનું નામ આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ ઘટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૧. | મહુડા | મહુડાના ફુલ | બેસિયા લેટીફોલિયા | ભેંસની મેલી ન પડતી હોયતો | તાત્કાલિક | ફાગણમાસમાં રાખેલ હોય તો બારેમાસ | અઢી કીલો મહુડીના ફુલ પાણીમાં બાફી પાણી સાથે પિવાયેલી ભેંસને પાઈ દેવાથી ધીમે ધીમે મેલી પડી જાય છે. | - | મહુડો મોટુ ઝાડ આવે છે.તેના ફુલ અને ડોળા બન્ને ઉપયોગમાં આવે છે. તે ઝાડને કાપવા પર પ્રતિબંધ છે. |
| ૫૨. | ૧) લીંબુનો રસ<br>૨) મરચાના પાન | લીંબુડી<br>મરચી | સાઈટ્રસ એસિડ<br>કેપ્સિકમ ફ્રુટેસેન્સ | આંખના દુઃખાવામાં | એક દિવસમાં<br>,, | દરેક જગ્યાએ બારેમાસ<br>,, | આંખ દુઃખે તો લીંબુના ટીપા પાડવાથી આંખ સાફ થાય છે.<br>–આંખ આવેલી હોયતો મરચીના પાન લઈ મસળી તે રસના બે ટીપા આંખમાં નાખવા. | - | લીંબોડી છોડ છે દરેક જગ્યાએ થાય છે.<br>–મરચાનો છોડ સર્વત્ર થાય છે. મરચા ખાવાના ઉપયોગમાં આવે છે. |
| ૫૩ | તાંત | પાતળો અણીવાળો સળિયો | | ગુમડા | એક દિવસમાં | - | સળીયાને ગરમ કરી ગુમડા ઉપર મુકવાથી ગુમડું ફાટી જાય છે. | - | લોખંડનો સળીયો ગરમ કરી ઉપયોગમાં લે છે. |

| ક્રમ | ઔષધિનું નામ આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૪ | પીપળી | પીપળો | ફાઈકસ-રિલિજિયોઝા | દાઝીગયા ઉપર | અઠવાડિયામાં દાઝી ગયેલા ઉપર આધાર | દરેક જગ્યાએ બારેમાસ | પીપળાનું છાલું લાવી ઊંઘું ઘસી તે પ્રવાહી દાઝી ગયેલ ભાગે લગાડવાથી આરામ થાય છે. | - | પીપર મોટું ઝાડ આવે છે. લગભગ દરેક જગ્યાએ થાય છે. પાન ગોળ-ડીટાવાળા આવે છે. |
| ૫૫. | ૧) લીલાવાંસની છાલ | વાંસ | લમ્બુઝા, એર-ડીનેશિયા | ઘા પડી જાય તેમાં | એક પાટામાં | જંગલમાં બારેમાસ | લીલાવાંસની છાલ લાવી ઘામાં ભરી પાટો બાંધવાથી ઘા રુઝાઈ જાય છે. | - | વાંસ જંગલમાં થાય છે. બહુજ મજબૂત આવે છે. |
| | ૨) સળગતો કોલસો | જીવતો કોલસો | | ઘા ઉપર | એકવાર ઉપયોગ કરવાથી | દરેક જગ્યાએ | સળગતો અંગારો કાઢી તેને ઝીણો વાટી ઘા ઉપર મૂકી પાટો બાંધવાથી ઘા રુઝાઈ જાય છે. | - | ચૂલામાં જે કોલસો આવે છે તે કાઢી વાટીને ઉપયોગ કરવો, કોઈપણ લાકડાનો ચાલે. |
| ૫૬ | કોડી | કોડી | | કાનમાં પાક થાય તેમાં | એક બે દિવસમાં | દરેક જગ્યાએ | કોડીને પથ્થર ઉપર ઘસી કાનમાં બે ટીપાં નાખવાથી કાન પાકતો અટકે છે. | - | કોડી દરિયામાં થાય છે. બાળકો રમવામાં ઉપયોગ કરે છે. |

| ક્રમ | ઔષધિનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૫૭ | કાચબાનું ઉપર નું પડ | કાચબાનુંપડ | | દાઝીગયેલા ઉપર | અઠવાડીયામાં | જંગલમાં | કાચબના ઉપરના સખત પડને બાકી તેલમાં કાલવી ચોપડવાથી આરામ થાય છે. | – | કાચબો એ જળચર અને બહાર રહી શકે તેવું પ્રાણી છે. તેના ઉપર સખત પડ હોય છે. તે તેનું રક્ષણ કરે છે. |
| ૫૮ | ગાયનું છાણ | ગાયનું છાણ | | ચાંદા/ગુમડા પર | એક બે દિવસમાં | દરેક જગ્યાએ | ગાયનુ તાજુ છાણ લઈ ગરમ કરી ચાંદીવાળા ભાગે બાંધવું. | – | – |
| ૫૯ | કણઝી | કરંજ | પોનગેમિયા-ગ્લેબા | ચાંદા ગુમડામાં | બે દિવસમાં | દરેક જગ્યાએ | કાણઝીની કુપણો લાવી વાટી ગમે તેવી ચાંદી હોય તે ઉપર ચોપડવાથી મટી જાય છે. ખૂબ બળતરા થાય છે. | – | કણઝી મોટું ઝાડ આવે છે. પાન ગોળ આવે છે. લગભગ દરેક જગ્યાએ થાય છે. |
| ૬૦ | વાઈહોકોળ | વાઈસાકળ | | વા | પંદર દિવસમાં | જંગલમાં બારેમાસ | ડાળીઓ લાવી ઝીણી વાટીને ખાંડ કે ગોળમાં લાડુ બનાવી ખાવાથી વા મટે છે. | – | વાઈહોકોળ છોડ છે. પથ્થરમાં થાય છે. તેના મૂળ જોઈ શકાતા નથી. પથ્થરના સાંધામાં થાય છે. |

| ક્રમ | ઔષધિનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસ માં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૬૧. | અમરવેલો | | | તજાગર્મી | અઠવાડિયામાં | જંગલમાં બારેમાસ | મૂળ લાવી વાટીને ગર્મી થતી હોય તે ભાગ માં ચોપડવાથી શરીરની ગર્મી દૂર થાય છે. | – | વેલ આવે છે તેના મૂળમાં કંદ થાય છે. ઝાડ ઉપર ચઢે છે. |
| ૬૨ | ગાડા બાવળ ના પાન | દેવ બાવળિયો (રામબાવળ) | અકેસિયા-લેટિઓઝમ | હડકાયા ના ઝેરમાં | તરતજ | જંગલ/ખેતર રસ્તા ઉપર | ગાડા બાવળનાં પાન વાટી તાત્કાલિક પાવાથી હડકવાનું ઝેર લાગતું નથી. | – | ગાડો બાવળ બાવળની એક જાત છે. જેના થડ પાતળાં રહે છે. ખુબજ જુથમાં થાય છે. |
| ૬૩. | ક્રોડર (માખીનુંઘર) | પીળીમાખી નું ઘર | | કોઈપણ દાંતવાળું જાનવર કરડે તેમાં (કુતરા સિવાય) | અઠવાડીયામાં | જંગલમાં ઝાડકે પથ્થર ઉપર બારેમાસ | ક્રોડર પીળી માખીનું ઘર લાવી તેને બાળીને દાંતના ઝખમાં કે ઘામાં ભરવાથી ઘા પાકતો નથી અને મટી જાય છે. | – | કોડર એ પીળી માખી છે તે પણ મધપૂડા જેવુંજ ઘર બનાવે છે તે બહુજ ઝેરી માખ હોય છે. ઝાડકે પથ્થર ઉપર તેનું ઘર બનાવે છે. |

| ક્રમ | ઔષધનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૬૪. | બાજરીનો ડુવો | બાજરીની પેશ | પેનિસેટેરિયા સ્પાઈકેટા | મોતિઝર ે (ટાઈફોઈડ) | સાત દિવસમાં | દરેક જગ્યાએ | ટાઈફોઈડના દર્દીને જીવતું મચ્છર મારી ખવાડે છે ઉલટીનો રતો ટાઈફોઈડનો રોગ છે તેમ માની તેને બાજરીનો ડુવો છાશમાં બનાવી પાય છે. સાથે ભુવાપાસે ઉજણી નખાવે છે. સવારે અગરબત્તી કરે છે. | – | બાજરી ધાન છે. તે કેટલાક પ્રદેશમાં ખાવાના મુખ્ય ખોરાક તરીકે વપરાય છે. |
| ૬૫ | સાળીયાનો ડામ | | | પેટમાં એક બાજુ દુ:ખતું હોયતો (પડખામાં દુ:ખે તેમાં) | તાત્કાલિક | | પગની ટચલી આંગળીએ આડી નસ ઉપર સાળીઓ ગરમ કરી ત્યાં થોડોક અડકાડવાથી રોગ બેસી જાય છે. | – | લોખંડનો સાળીઓ ગરમ કરી આ પ્રયોગ જાણકાર કરે છે. |
| ૬૬. | ભુરોવેલો | | | મરડામાં | બે દિવસમાં | જંગલમાં ચોમાસામાં | મૂળ લાવી ઘસી તોલો બે તોલા પ્રવાહી પાવું. | – | વેલ આવે છે. ત્રણ પાખવાળા પાન આવે છે. મૂળમાંથી લોહી જેવું પ્રવાહી નિકળે છે. |

| ક્રમ | ઔષધિનું નામ આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસ માં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૭ | બિયો | બીવલો (બિયો) | ટેરોકાર્પસ માર્સુપિયમ | મરડામાં | બે દિવસમાં | જંગલમાં બારેમાસ | બીયોના ઝાડનું છાલું લાવી કુટીને ગાળીને ૫૦ ગ્રામ જેટલું પીવું. | – | બીયો મોટું ઝાડ આવે છે. ઈમારતી લાકડા તરીકે વપરાય છે. |
| ૬૮ | ઝીંઝોડો | | | મરડામાં | એક બે વાર પાવાથી | જંગલમાં બારેમાસ | મૂળ લાવી કાઢીને પછી પીવાથી આરામ થાય છે. | | ઝીંઝોડ મોટું ઝાડ આવે છે. બારેમાસ મળે છે. |
| ૬૯ | કકરાલ | | | " | " | " | તેનું મૂળ કાઢી લસોટી પચાસ ગ્રામ જેટલું પાવું | – | કકરાલ મોટું ઝાડ આવે છે. આંબલી જેવા પાન આવે છે. |
| ૭૦ | ખાટી આંબલી, દહી | આંબલી | ટેમેરીન્ડસ ઈન્ડિકા | " | " | દરેક જગ્યાએ બારેમાસ | આંબલીનું છાલુ એન દહી મીક્ષ કરી પાવાથી મરડો મટે છે. | – | આંબલી મોટું ઝાડ આવે છે. બારેમાસ મળે છે. |
| ૭૧ | ઉંદરક (ઈન્દ્રક) | | | ચાંદી (વખીચાંદી) | બે ત્રણ દિવસમાં | જંગલમાં બારેમાસ | પાનલાવી વાટીને કપડા થી ગાળી ચાંદી ઉપર ચોપડવાથી બે ત્રણવાર માં આરામ થાય છે. | ઘામાં ભરવાથી સારું થાય છે. | મોટું ઝાડ આવે. ધવ જેવું ઝાડ છે. |

| અનુ ક્રમ | ઔષધિનું નામ આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૨ | અની | અરણી | ક્લેરોડેન્ડ્રન ફ્લોમાઈડિસ | વા | ૧૫ દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ | અરણીના પાન સીવી તેનો પડીયો બનાવી તેમાં પચાસ કે સો ગ્રામ જેટલા ચોખા રાંધી તેમાં ઘી મેળવી ૧૫ દિવસ ખાવાથી વાનું દર્દ મટે છે. (પાન સાથે ચોખા ખાવા) | – | અરણી છોડ છે. લગભગ દરેક જગ્યાએ થાય છે. પાન ઝીણાં, લાકડું પોલું. |
| ૭૩ | આકલાનું મૂળ | | | સાપના ઝેરમાં | તાત્કાલિક | વિરમપુર ના જંગલમાં બારેમાસ | આંકલાનું મૂળ લાવી ઝીણું વાટીને સાપ કરડેલ વ્યક્તિને તોલો બે તોલા પાઈ દેવાથી ઉલટી થઈ માણસ બચી જાય છે. | – | આકલો કાંટાવાળું મોટું ઝાડ આવે છે. બારેમાસ મળે છે. |
| ૭૪ | કાળાપાણી | | | ખૂબ ઝેરી સાપમાં | તાત્કાલિક | જંગલમાં જોયેલ હોયતો | તેનું મૂળ લાવી વાટી પાવાથી ઉલટી થઈ ઝેર નીકળી જાય છે. | – | વેલ આવે છે. લાંબુ મોટું પાન આવે છે. |

| ક્રમ | ઔષધનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૭૫. | ૧) ખાખરો<br>૨) આકડો<br>૩) એરંડિયા<br>૪) અડધુડ | ખાખરો<br>આકડો<br>દિવેલો | બ્યુટિયા, ફોંડોઝા<br>બ્યુટિયામોનોસ્પર્મા<br>જાઈ ગેટયા<br>રિસિન્સ કોમ્યુનિસ | માથાના દુ:ખાવામાં | એક દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ | ચારેમાંથી કોઈપણના પાન ગરમ કરી માથુ દુ:ખે ત્યારે બાંધવામાં આવે છે. | - | ૧) ખાખરો મોટું ઝાડ છે. પાન પણ મોટા આવે છે.<br>૨) આકડો છોડ છે. સર્વત્ર થાય છે.<br>૩) એરંડો એ છોડ છે. પાન મોટા ખેતરમાં થાય છે. |
| ૭૬. | સેરક | મેંદી | લાઝોનિયા આલ્બા | પગના આંગળા પાકે તેમાં (ચોમાસામાં) | એક દિવસમાં | બારેમાસ દરેક જગ્યાએ | પાન વાટીને ગરમ કરી પગે બાંધવાથી પગે થતો ઓસાર મટે છે. ચોમાસામાં આ રોગ ગામડામાં બહુ થાય છે. | - | મહેંદી છોડ છે. પાન નાના આવે છે. હાથ રંગવામાં બહેનો ઉપયોગ કરેછે. |
| ૭૭. | આકડો | આકડો | થાઈગેટયા | વિંછીના ડંખમાં | તરતજ | દરેક જગ્યાએ બારેમાસ | વિંછી કરડે કે તરતજ ડંખ ઉપર આકડીયાનું દૂધ મુકવાથી તરતજ આરામ થાય છે. | - | આકડો છોડ છે. પાન મોટા આવે છે. તોડતાં દૂધ નીકળે છે તેના ફુલ હનુમાનજી ચઢે છે. |

| ક્રમ | ઔષધનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૭૮ | અમણી | મઢણ | | ગુમડું કે પાક થાય તેમાં | બે ત્રણ દિવસમાં | જંગલમાં બારેમાસ | પાન લાવી વાટીને ગુમડાવાળા ભાગ ઉપર લગાડવાથી ગુમડું કે પાક રુજાય છે. અને આરામ થાય છે. | – | મઢણ મોટું ઝાડ આવે. આંબલી જેવા ઝીણાં પાન આવે, લાકડું ખૂબ સખત હોય છે. |
| ૭૯ | કડ્વીડોડી | | | ખાંસી માટે | બે ત્રણ દિવસમાં | બારેમાસ પેટચોરી જંગલમાં | તેનાં મૂળ લાવી, ઘસીને વાટીને પચાસ ગ્રામ જેટલું પ્રવાહી પીવાથી આરામ થાય છે. | | |
| ૮૦ | લીમડો | લીમડો | એઝાડિરેક્ટા | સાપના ઝેરમાં | એકવાર પીવાથી | દરેક જગ્યાએ | સાપ કરડે તેને લીમડાના પાનનો રસ કાઢી પાવાથી સાપ કરડેલ વ્યક્તિને તે કડવો લાગતો નથી જેથી સાપ કરડ્યાનો ખ્યાલ આવે છે. | | લીમડો મોટું ઝાડ આવે. સર્વત્ર જગ્યાએ થાય છે. |
| ૮૧ | મીઠી મતુરી | | | દમની ખાંસીમાં | બેચાર દિવસમાં | જંગલમાં ચોમાસામાં જોયેલ હોયતો ઉનાળામાં મળે | તેના મૂળ લાવી વાટીને ૫૦ ગ્રામ જેટલું પ્રવાહી પાવાથી દર્દી સાજો થાય છે. | | મીઠી મતુરી વેલો છે. પાન લાંબા આવે છે. ચોમાસામાં વધારે ઉગે છે. |

| ક્રમ | ઔષધનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિઅને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૮૨ | દૂધી | | | કચરાના રોગમાં (જીભફાટી ગઈ હોય તે રોગમાં) | એકજ દિવસમાં આરામ થાય છે. | જંગલમાં બારેમાસ | દૂધીના વેલાના મૂળ લાવીને વાટીને થોડુ પ્રવાહી પીવું તથા કપાળે, હાથે, પગે ચોપડવાથી તરતજ આરામ થાય છે. દર્દીને સુવાડી ગોદડુ ઓઢાડવું. | દારૂ પીધેલ વ્યકિત પીવે તો દારૂ ઉતરી જાય છે. | ખીલડા જેવો વેલો આવે છે. જંગલમાં થાય છે. શાકભાજી તરીકે ખાવામાં વપરાય છે. તે દૂધીની વેલા કરતાં આ જુદો વેલો છે. |
| ૮૩ | મીરચી | | | સાપણા સખતઝેરમાં | તરતજ | બારેમાસ જંગલમાં પેટચોળી વિસ્તાર | આવેલ લાવી તેને કૂટી તેમાંથી રસ કાઢી ઝેરી સાપણ કરડેલ વ્યકિતને પાવાથી આરામ થાય છે અને તેનું ઝેર ઉતરે છે તેમ માનવામાં આવે છે. | - | મીરચી વેલ છે. મરચા જેવા ફળ આવે છે. તે વેલ ઉપર પીળા પટા આવે છે. |
| ૮૪ | તવેલા | | | ગુમડા | એક બે દિવસમાં | જંગલમાં બારેમાસ | મૂળ લાવી વાટી ગરમ કરી ગુમડા ઉપર લગાડવાથી આરામ થાય છે. | - | વેલ આવે છે. |

| ક્રમ | ઔષધનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસ માં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૮૫ | ખાટીલીંબો | | | ફાટેલા ગુમડા ઉપર | એક બે દિવસમાં | જંગલમાં બારેમાસ | ખાટી લીંબો વેલોને લાવી તેને ઝીણો કૂટી ફાટેલા ગુમડા ઉપર લગાડવાથી ગુમડું રુજાઈ જાય છે. | – | વેલો રંગે કાળો હોય છે. ખાખરા જેવા મોટા પાન આવે છે. |
| ૮૬ | હળદુર | | | માથાના દુઃખાવામાં | એક બે વાર બાંધવાથી | જંગલમાં બારેમાસ | પાન લાવી ગરમ કરી માથે બાંધવાથી માથુ દુઃખતું મટે છે. | – | હળદુર મોટું ઝાડ આવે છે. |
| ૮૭ | હીરીખ | | | શરીરે સોઝા આવી ગયા હોયતો રોગમાં | બીજા અથવા ત્રીજા દિવસે | ડોસીના ડુંગરમાં બારેમાસ વિરમપુર વિસ્તાર | હીરખનાં છોડા લાવી બાફી થોડાક પીવા અને દર્દીને તે ગરમ છોડાવાળા પાણીના વરાળની બાફ આપવાથી સોજો ઉતરી જાય છે. | – | આંબલીનું મોટું ઝાડ આવે છે. કરાયા જેવા પાન આવે છે. બારેમાસ મળે છે. |

| ક્રમ | ઔષધિનું નામ આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધિ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮૮. | ડેકરીવેલ | | | હાડકું ભાગી ગયુ હોયતો | બેચાર દિવસમાં | જંગલમાં બારેમાસ | વેલને એક ઈંચના અંતરે સાંધા આવે છે તે એક ટૂકડો લાવી વાટીને એક ટૂકડો પાવાથી એક ગાઠ બને છે. મોટે ભાગેલી વ્યક્તિને એકજ ટૂકડો પાવામાં આવે છે. | – | ડેકરી વેલ છે. એક એક ઈંચ વચ્ચે સાંધા હોય છે.ધીલોડી જેવી વેલ છે. તે ઘરે પણ થઈ શકે. |
| ૮૯. | ઊટકટેરિયો | ઉટકટારી | એકીનોપસ-એકીનેટસ | સ્ત્રીને પ્રસુતિ પછી સોળ ન પડતી હોયતો | તરતજ | ચોમાસે શિયાળે દરેક જગ્યાએ | મૂળ લાવી સ્ત્રીના માથે મૂકવાથી તરતજ ઓર પડે છે. ઓર પડે કે તરતજ મૂળ કાઢી લેવું | – | કોટાવાળો છોડ આવે છે. છોડ ઉપર સફેદફૂલ આવે છે તેમાં પણ કાંટા હોય છે. બે થી ત્રણ ફૂટ ઊંચો છોડ થાય છે. |
| ૯૦ | તુતરવેલ | કુકરપાડો | લ્યુફા એરી | હડકાયું કુતરુ કરડે તેમાં | તરતજ | દરેક જગ્યાએ વાડે થાય છે. બારેમાસ | વેલ ઉપર ફૂલ આવે છે. તે લાવી ઝીણીવાટી પાવાથી ઉલટી થઈ ઝેર બહાર નીકળી જાય છે. એકજ પાવો,એક કે તોલા પાવું. | – | વેલ છે. તુરીયા જેવા બેસે છે. ચોમાસામાં થાય છે તે ખૂબજ કડવા હોય છે. થોડેક ઝાડ ઉપર પણ જોવા મળે છે. |

| ક્રમ | ઔષધિનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસ માં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૯૧. | બાવળ | બાવળ | એકેશિયા અરેબિકા | કોડીવાળી સાપણ કરડે તેમાં | એકજવાર પીવાથી | દરેક જગ્યાએ બારેમાસ | બાવળનું છાડું લાવી ઘસી એક તોલા જેટલુ પાવાથી આરામ થાય છે. | - | બાવળ મોટું ઝાડ છે. કાંટાવાળું હોય છે. દેશી બાવળના છાડાનો ઉપયોગ કરવો. |
| ૯૨ | લુણીયો | | | સાપના ઝેરમાં | " | જંગલમાં બારેમાસ | લુણીયાનું મૂળ લાવી ઘસી અથવા ઝીણુંવાટી સો ગ્રામ જેટલુ પાણી સાથે પાવું જેથી ઉલટી થઈ આરામ થાય છે. | કોઈપણ ઝેરી જાનવર કરડે તેમાં આ દવા કામ આવે. | મોટું ઝાડ આવે છે. બે દઠા જેવા પાન વનમાં હલકાં. |
| ૯૩ | કુરવો | | | નાગ કરડે તેમાં | " | વિરમપુરના જંગલમાં બારેમાસ | કુરવાનું મૂળ લાવી વાટી ૫૦ ગ્રામ જેટલુ દદીને પાવાથી ઉલટી થઈ જાય છે. | - | કુરવો બેહડા જેવુંજ મોટું ઝાડ. દરેક જગ્યાએ મળે. |
| ૯૪ | કડકરાર અથવા કકરાર | | | ચાંદાના રોગમાં | બે ત્રણ દિવસમાં | જંગલમાં બારેમાસ | કકરારના પાન લાવી વાટી ગરમ કરી ચાંદા ઉપર લગાડવાથી ચાંદા મટે. | - | કકરાર કાંટાવાળું મોટું ઝાડ છે. |

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૫ | અરણી | અરણી | ક્લેરોડેન્ડ્રાન ફ્લોમોઈડિસ | સાપના ઝેરમાં | તરતજ | દરેક જગ્યાએ બારેમાસ | અરણીના પાન લાવી ઝીણવાટી ખાટી છાશ કે પાણી સાથે સો ગ્રામ જેટલા પાવાથી આરામ થાય છે. | – | અરણી મોટો છોડ છે. પાન ઝીણાં, વાડે થાય છે.લાકડું |
| ૯૬ | આકડો | આકડો | જાઈગેટ્યા અને કેલેટ્રોપીસ પ્રોસીરા | વિંછીના ડંખમાં | તરતજ | દરેક જગ્યાએ બારેમાસ | આકડાનું મૂળ લાવી ઘસી ડંખ ઉપર ચોપડવું | સાપના ઝેરથી સોઝો આવે તો પણ મૂળ ઘસી ચોપડવાથી આવે છે. | આકડો છોડ છે. લગભગ દરેક જગ્યાએ થાય છે. પાન મોટાં અન્ય કેટલાક રોગો માં પણ વપર ાય છે. |
| ૯૭ | [illegible] | | | ધાધર | એક બે દિવસમાં | બારેમાસ જંગલમાં ચોમાસે વધારે થાય છે. | પાન લાવી મસળી ધાધરવાળી જગ્યાએ લગાડવા. | – | ટાંપઠ બે ફૂટ ઊંચો છોડ છે. સીસમના પાન જેવા પાન પણ ખરબચડા હોય છે. |

| ક્રમ | ઔષધિનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસ માં રોગ મટે | ઔષધિ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૯૮ | કોળાનું ડીટું | કોળાનું ડીટું | બેનિનકાસા સેરિફેરા | વિંછીના ઉપર | તરતજ | દરેક જગ્યાએ | કોળાનું ડીટું ઘસી ડંખ પર લગાડવાથી વિંછીનું ઝેર ચઢતું નથી. | – | કોળાનો વેલો આવે છે. નદીના ભાઠામાં ખુબ થાય છે. ખેતરમાં પણ થાય છે. બહુજ મોટા કોળા લાગે છે. શાક ભરીકે વપરાશ થાય છે. |
| ૯૯ | ગોરહાઈ | | | ખાંસી | એક બે દિવસમાં | પથ્થરવાળી જગ્યાએ ચોમાસામાં | ગોરહાઈનું મૂળ લાવી ચાવવાથી ખાંસી મટે છે. | – | ગોરહાઈની વેલ આવે છે. પાન મોટા પથ્થરની બાજુમાં થાય છે. મૂળનો [illegible] કાળો હોય છે. |
| ૧૦૦ | ધવ | ધવ | એનોજિસસ લેટિફોલિયા | ખાંસી | " | જંગલમાં બારેમાસ | ધવનાં છાડાં લાવી ચાવવાથી ખાંસી મટે છે. | – | ધવ મોટું ઝાડ આવે છે. બારેમાસ મળે. |
| ૧૦૧ | કુરવો | | | શરદી | " | જંગલમાં બારેમાસ | કુરવાના છાડાં લાવી ચાવવાથી શરદી મટે. | – | કુરવો ઝાડ આવે છે. બદામ જેવા પાન. પાંચ ફુટ જેટલો ઊંચો થાય છે. |

| ક્રમ | ઔષધિનું નામ આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૨ | લાંક | | | વિંછુના ડંખ પર | તરતજ | ચોમાસામાં ખેતર/જંગલમાં | વિંછીના ડંખ ઉપર તેના પાન મસળી મુકવાથી તરતજ આરામ થાય છે. | - | લાંક એ ઘાસ છે. પ્રદેશ પ્રમાણે તેના નામ જુદા જુદા હોય છે. તેની કણસલા પણ શરીરે ચોંટી જાય છે. |
| ૧૦૩ | મસ્વો | મસ્વો | ઓસિમમ્ બેઝિલિકમ્ | કાન દુઃખતો હોય/પાકતો હોયતો | બે દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ | મરવાનાં પાન મસળી દુઃખતા કાનમાં બે ટીપાં રસનાખવાથી આરામ થાય છે. | - | મરવાનો તુલસી જેવો છોડ આવે છે. |
| ૧૦૪ | લોડરા | ભોરિંગણી | સોલેનમ ઈંડિકમ્ | સડેલા દાંતમાંથી કીડા કાઢવા | તરતજ | દરેક જગ્યાએ બારેમાસ | લોડરા ફળના બી લાવી અંગારા ઉપર મુકી જે ધુણી નીકળે તે મોમાં રાખવાથી મોની અંદરના કીડા બહાર પડે છે. | - | લોડરાનો [illegible]. કાંટાવાળો છોડ છે. રીંગણ જેવા ગોળ ફળ પાકે ત્યારે પીળા થાય છે. |
| ૧૦૫ | બોરડીની છાલ | બોરડી | ઝીઝીફસ જુજુબ | વિંછીના ડંખમાં | તરતજ | દરેક જગ્યાએ બારેમાસ | બોરડીની છાલ ઘસીને ડંખ ઉપર લગાડવાથી આરામ થાય છે. | - | બોરડી કાંટાવાળો છોડ છે. તે લગભગ દરેક જગ્યાએ થાય છે. બોર ખાવાના ઉપયોગમાં આવે છે. |

૪૨

| ક્રમ | ઔષધનું નામ આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૬ | ગુવાર પાઠું | કુંવરપાઠું | એલોવેરા, એલોઈડિકા | ગુમડા | એક બે દિવસમાં | બગીચામાં જંગલમાં પણ બારેમાસ મળે | કુંવરપાઠુંનાં પાન લાવી ગરમ કરી ગુમડાં ઉપર બાંધવાથી ગુમડું ફાટી/ મટી જાય છે. | – | કુંવરપાઠું એ પાણીદાર છોડ છે. તેનાં પાન ખૂબ ભરાવદાર અને કડક જમીન સાથેજ પાન નીકળે છે. |
| ૧૦૭ | સમદરિયો | સમદરફર (સમુદ્રશોક) | આગયિરિયા સ્પેસિઓઝા | ગુમડા | ,, | બગીચામાં, જંગલમાં બારેમાસ | વેલનાં પાન લાવી, ગરમ કરી સવળુ બાંધવાથી ગુમડું પાકી જાય છે. જ્યારે ઊંધુ બાંધવાથી ગુમડું ફાટી જાય છે. ત્યારપછી દર્દ મટે છે. | – | સમદરિયો વેલ છે તેનાં પાન મોટાં આવે છે તે લગભગ દરેક જગ્યાએ થાય છે. તેને લોકો માંડવા ઉપર પણ ચઢાવે છે. |
| ૧૦૮ | (૧) લીમડાના પાન<br>૨) મીઠું | લીમડાનું પાન<br>મીઠું | એઝાડિરેક-ટાઈન્ડિકા | દાઢ દુઃખતી હોયતો | તરતજ | દરેક જગ્યાએ | લીમડાના પાન અને મીઠી-મીઠા કરી વાટી દાઢમાં ભરવાથી કીડા નીકળી જઈ દુઃખતું મટકી જાય છે. | – | લીમડો મોટું ઝાડ છે. લગભગ દરેક જગ્યાએ થાય છે. ઘણીબધી ઔષધિઓમાં વપરાય છે. |

| ક્રમ | ઔષધનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૧૦૯ | આકડો | આકડો | જાઈગેંટયા | તાવમાં | એકવાર પાવાથી | દરેક જગ્યાએ બારેમાસ | આકડાના પાકા પાનની નસો કાઠી લઈ વાટીને પાનનો રસ કાઢવો તે રસની બરાબર પાણી મેળવી દર્દીને પાવા આપવો. એકવાર પાવાથી ફરીવાર તાવ આવતો નથી. | – | આકડો મોટો છોડ છે. પાન મોટા. તેના ફુલ હનુમાનજીને ચઢે છે. |
| ૧૧૦ | ૧) આકડો<br>૨) તેલ | આકડો<br>તેલ | જાઈ ગેંટયા | કાનમાં રસી આવતી હોય તે દર્દમાં | અઠવાડિયામાં | " | પચાસ ગ્રામ તેલ લઈ વાસણમાં ગરમ કરી તેમાં આકડાનું પાકુ પાન નાખવું. પાન બળી રહે એટલે કાઢી લેવું તે તેલ શિશીમાં ભરી લેવું તે દરરોજ બે બે ટીપાં કાનમાં નાખવું. અઠવાડિયામાં કાન સારો થાય છે. | આ દવા શરદીમાં, સાંધાના વામાં, માથાના દુઃખાવામાં, પણ તેની માલીસ થઈ શકે છે. | " " |

૪

| ક્રમ | ઔષધનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમા રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટનિકલ | | | | | | |
| ૧૧૧ | ગરડુસો | ગરડુસો | એઇલેન્થસ એક્સેલ્સા | સાપના ઝેરમાં | તરતજ | દરેક જંગલમાં બારેમાસ | તેની છાલ લાવી વાટીને રસ કાઢી સો ગ્રામ જેટલા પાવાથી તરતજ આરામ થાય છે. | – | ગરડુસો મોટું ઝાડ આવે છે. લાંબી સોટી સાથે પાન લાગેલા હોય છે. પાન મોટા અને ખાંચાવાળા હોય છે. સફેદ થડ હોય છે. લાકડુ પાચુ ઝ્રઝ્ર આવે છે. |
| ૧૧૨ | ગેગોળીઓ | ઈંગોરિયા | બેલેનાઈટ્સ રોક્સબર્ઘી આઈ | વાળાના દર્દમા | આઠ દિવસમાં | દરેક જંગલમાં બારેમાસ | મૂળ લાવી ઝીણુ વાટી તેની પટ્ટી કરી વાળો નીકળતો હોય તે જગ્યાએ બાંધવાથી વાળો તેમાં આવી જાય છે. | – | ગેગોળ મોટું ઝાડ આવે છે. કાંટા હોય છે. છાલ ઓછી હોય છે. ગોળ ગેગોળ આવે છે. ગામડાના બાળકો રમવામાં ઉપયોગ કરેછે. |
| ૧૧૩ | તમાકુ | તંબાકુ | નિકોટિયાના ટૅબેકમ | સાપના ઝેરમાં | તરતજ | દરેક જગ્યાએ દુકાને | સાપ કરડેલ વ્યક્તિને ૫૦ ગ્રામ જેટલી તમાકુ પાવાથી ઉલટી થઈ ઝેર નીકળી જાય છે. | – | તમાકુ સર્વત્ર જોવા મળે છે. તેનો છોડ થાય છે. પાન મોટા અને દળદાર હોય છે. |

૪૬

| ક્રમ | ઔષધનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસ માં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૧૧૪ | પાદણકેથેરો | | | માથાના દુઃખાવામાં | એક બે વાર બાંધવાથી | જંગલમાં બારેમાસ | પાન લાવી ગરમ કરી માથે બાંધવાથી આરામ થાય છે. | - | પાદણકેથેર મોટું ઝાડ આવે. કોટા- વાળું હોય છે. |
| ૧૧૫ | આખકુટણ | | | સાપના ઝેરમાં | તરતજ | વિરમપુર વિસ્તારના જંગલમાં બારેમાસ | તેનું મૂળ ખોદી લાવી ઘસી અથવા વાટીને પાવાથી ઝેર ઉતરે. | - | આખકુટણી વેલ છે તેનું થડ હાથના કાંડા જેવું જાડું થાય છે. ઝાડ ઉપર ચઢે છે. પીલોડી જેવો વેલો થાય છે. |
| ૧૧૬ | મરડા શિંગ | મરડા શિંગ | હેલિક્ટેરસ ઈસોરા | મરડામાં | એક બે દિવસમાં | જંગલમાં ચોમાસે/ શિયાળે | મરડા શિંગ આંટાવાળી આવે તે લાવી વાટીને પીવાથી મરડો મટે છે. તે ચીકણી આવે છે. | - | મરડા શિંગના વેલાને આટડી પણ કહેવામાં આવે છે. શિયાળે ખૂબ થાય. |
| ૧૧૭ | હરગવો | સરગવો | મોરિંગા ટેરીગો- સ્પર્મા | વા (સાંધિના વામાં) | બે ત્રણ દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ | સરગવાની છાલ લાવી ઉકાળી તે પાણી માં શિરો બનાવી દર્દી ખાયતો તેને સાંધાનો વા મટે છે. | - | સરગવો મોટું ઝાડ આવે છે. પાન ઝીણા આવે તેની લાંબી શિંગો શાક કરવામાં વપરાય છે. |

| ક્રમ | ઔષધનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૧૧૮ | હેદેરા | હેદેહરો | | આંખ આવે કે દુઃખે તેમાં | એક દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ | તેના પાન લાવી બાફીને કપડામાં લઈ આંખે બાંધવાથી દુઃખતી આંખો મટે છે. | - | હેદેહરો સરગવા જેવું ઝાડ છે. લાકડું હલકુ આવે છે. વાડ કરવામાં ગામડાના લોકો વાપરે છે. ઝીણાં પાન. |
| ૧૧૯ | આકડો | આકડો | જાઈજેટયા | પેટના દુઃખાવામાં | એક દિવસમાં | દરેક જગ્યાએ બારે માસ | આકડાના પાન લાવી ગરમ કરી પેટ ઉપર બાંધવાથી પેટનો દુઃખાવો મટે છે. | - | આકડો છોડ છે દરેક જગ્યાએ થાય છે. પાન મોટા. |
| ૧૨૦ | હાવેર (હાવડી) | | | વાઈ | એકજવાર પાવાથી | જંગલમાં બારેમાસ | હાવેરના થડના છાડો લાવી તેને ઝીણાં વાટી અંદાજે બસો ગ્રામ જેટલું પ્રવાહી ચાલુ દર્દમાં પાવાથી ફરી વાઈ ઉપડતી નથી. | - | હાવડી મોટું ઝાડ આવે છે. આંબાના પાન જેવા લાંબા પાન આવે. પણ કાંચાવાળા હોય છે. |

| ક્રમ | ઔષધનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૧૨૫. | પિલામણી | પીલુડી | સોલેનમ્-નાઈગ્રમ | હાથેપગે સોઝા આવે તે રોગમાં | બે દિવસમાં | ચોમાસામાં વધુ થાય છે. પાણીવાળી જગ્યાએ બારેમાસ રહે છે. | તેના પાન લાવી, વાટીને ૫૦ ગ્રામ જેટલાં પીવાથી સોઝા ઉતરે છે. તેનાં પાન પેટ ઉપર બાંધી પણ શકાય છે. | – | પીલામણી બેફૂટ ઊંચો છોડ થાય છે. તેને નાના ગોળફળ લાગે છે. |
| ૧૨૬. | પાતાળ-કોળું | | | તજાગર્મી | બેત્રણ દિવસમાં | જંગલમાં બારેમાસ | પાતાળ કોળું લાવી સૂકવી, દૂધમાં બે દિવસ પાવાથી તજા ગર્મી દૂર થાય છે. | – | પાતાળકોળુંનો વેલો આવે છે. વાલોળ જેવો હોય છે. જમીનમાં ગાંઠ થાય છે તેને પાતાળ કોળું કહે છે. |
| ૧૨૭ | જંગલીવેલો | | | એપે-ડીક્ષ | ત્રણ દિવસમાં | ઘાતાના જંગલમાં બારેમાસ | છાલ લાવી વાટી કે ઘસી પચાસ ગ્રામ જેટલું પ્રવાહી પાવાથી આરામ થાય છે. | – | જંગલી વેલો આવે છે. હાથ જેવો જાડો થાય છે. સાગના જેવાં પાન આવે છે. |
| ૧૨૮. | જરમાળો | | | દમ | પાંચ દિવસમાં | જંગલમાં બારેમાસ | જરમાળાનું છાડીયું, લવંગ, પાણા, મીક્ષ કરી પાવડર બનાવો દરરોજ અધોર જેટલી ફાકી કરવાથી દમ મટે છે. | – | મોટું ઝાડ આવે છે. આંબાના પાન જેવાં આવે છે. |

| ક્રમ | ઔષધીનું નામ |  |  | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
|  | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ |  |  |  |  |  |  |
| ૧૨૯ | સરડુસો | અરડુસો | આઈલે-થસ એક્સેલ્સા | પેટમાં ગાંઠ થઈ હોયતો | પાંચ દિવસમાં | જંગલમાં બારેમાસ | મૂળની છાલ લાવી વાટી કે ઘસી પચાસ ગ્રામ જેટલું પ્રવાહી પીવાથી કોઈપણ પ્રકારની ગાંઠ મટે છે. | - | અરડુસો મોટું ઝાડ આવે છે. પાન લાંબા આવે છે. તેની છાલ બાદર જેવી પીળા રંગની હોયછે. |
| ૧૩૦ | કાચબો | કાચબો |  | ક્ષય | આઠ દિવસમાં | તળાવ, નદીમાં | જાના કાચબાનું માંસ ગરમ મસાલો નાખી ઘીમાં વઘારી ખાવાથી ટી.બી. મટે છે. | - | કાચબો જળચર પ્રાણી છે. જમીન ઉપરનો કાચબો પણ આવે છે. તળાવમાં રહે. |
| ૧૩૧. | ૧) જરમાળો<br>૨) ટીકરી કાથો |  |  | કેન્સર | પંદર દિવસમાં | જંગલમાં બારેમાસ | જરમાળાનું છાલું લાવી સૂકવી તેનો પાવડર બનાવો સાથે ટીકરી કાથો મીક્ષ કરી દરરોજ ૨૦ ગ્રામ જેટલી ફાકી કરવાથી આરામ થાય છે. | - | જરમાળો મોટું ઝાડ આવે છે. આંબાના પાન જેવા પાન આવે છે. અંદરથી સફેદ છાલું નીકળે છે. |
| ૧૩૨ | પાણીવેલો |  |  | વા | આઠ દિવસમાં | જંગલમાં | પાણી વેલાનું મૂળ લાવી વાટી એકકરી પીવાથી આઠ દિવસમાં આરામ થાય છે. | - | વેલો આવે છે. તે હાથ જેવો જાડો થાય છે. સાગ જેવા મોટા પાન આવે છે. |

| ક્રમ | ઔષધનું નામ – આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩૩. | ૧) મધ<br>૨) ઘી<br>૩) મરઘીનું ઈંડું | મધ<br>ઘી<br>ઈંડું | | શક્તિ માટે | પાંચ દિવસમાં | દરેક જગ્યાએ | એક ચમચો ઘી અને મધ સાથે મરઘીના ઈંડા ની પીળી ગોટી સાથે પાંચ દિવસ ખાવાથી શક્તિ વધે છે. | – | – |
| ૧૩૪ | પાણીવેલો | | | ધાતુના સ્ત્રાવમાં | આઠ દિવસમાં | જંગલમાં બારેમાસ | વેલો લાવી કુટીને તેનો રસ પાવાથી ધાતુ સ્ત્રાવનો રોગ મટે છે. ખટાશ ખાવી નહી. | – | વેલો આવે છે. સાગ જેવા મોટા પાન આવે છે. |
| ૧૩૫ | જેજુરો | જેજી (આસિતરો) | બોરિનિયા-ટોઈસમોસા | સ્ત્રીનું શરીર ધોવાય તેવા રોગમાં | પાંચ દિવસમાં | જંગલમાં બારેમાસ | છાલ લાવી કુટીને ૧૦૦ ગ્રામ જેટલું પ્રવાહી પાવું. | – | મોટું ઝાડ આવે છે ગોળ વચ્ચે ખાંચા-વાળા પાન આવે છે. તેના પાનની બીડી બનાવવામાં આવે છે. |
| ૧૩૬ | ખાખરાનો ગુંદ | ખાખરો | બ્યુટિયા ફોંડોઝા –બ્યુટિયા મોનોસ્પમાં | દાઢ દુઃખે તેમાં | એક દિવસમાં | જંગલમાં બારેમાસ | ખાખરાનો ગુંદર દાઢ ના પોલાણમાં મૂકવાથી દુઃખતું મટકે છે. | – | ખાખરો મોટું ઝાડ આવે છે. તેના પાન મોટા આવે છે. |

| ક્રમ | ઔષધિનું નામ આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસમાં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩૭. | ૧) ગરધેલના ઈંડાનું કાચલું | ગીધ | | આંખમાં ફૂલ પડે તેમાં | પાંચ દિવસમાં | જંગલમાં ગીધના માળામાં કુત્તિયમધ લીમડાના ઝાડમાં | ગીધના ઈંડાનું કાચલું ઝીણું વાટી તેમાં લીમડાનું કુત્તિયમધ મેળવી આંખમાં આંજવાથી ફૂલ મટે છે. | - | ગીધ પક્ષી છે. નાની માખનું મધ લીમડાના થડમાં હોય તે. |
| | ૨) કુત્તિયમધ લીમડાનું | નાની માખનું મધ | | | | | | | |
| ૧૩૮. | ૧) ધોળીમુસરી ૨) સરસીયુ તેલ | ધોળીમુસળી સરસીયું તેલ | એસ્પેરેગસ એસ-ડ-સ -બ્રાસિકા નાઈગ્રા | હાડકું ભાગી ગયું હોયતો | દશ દિવસમાં | દરેક જગ્યાએ દુકાને (મુસળી જંગલમાં ચોમાસે મળે) | મુસળી, સરસિયુ તેલ અને ખાંડ મીક્ષ કરી મેથીની જેમ પાક બનાવી ખાવાથી ભાગેલું હાડકું સંધાય છે. | - | ધોળી અને કાળા મુસળીના છોડ જંગલમાં થાય છે. આદિવાસીઓ તેના પાનની ભાજી બનાવી ખાય છે. ચોમાસામાં ખાસ થાય છે. |
| ૧૩૯ | ગાડીનો બળેલો પથ્થર | બરેલો પથ્થરિયો કોલસો | | ઘા પડી ગયો હોય તેમાં | ૧૦ દિવસમાં | રેલવેસ્ટેશન કારખાનાઓમાં ક્યારેક ઘરે હોટલમાં ગણી જગ્યાએ મળે. | બરેલો કોલસો લાવી ઝીણો વાટી તે ઘામાં ભરવાથી ગમે તેવો ઘા પડેલ હોય તો પણ મટી જાય છે પાકતું નથી. | - | પથ્થરિયો કોલસો બોયલરવાળી ભઠ્ઠીઓમાં વપરાય છે. તેનો ઉપયોગ કરવો. |

| ક્રમ | ઔષધનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસ માં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પદ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટનિકલ | | | | | | |
| ૧૪૦. | ૧) તવણ<br>૨) પીપળાનું છાલુ | વિતર<br>પીપળો | એવિસેનિયા સોફિસિનેલિસ<br>ફાઈકસ રિલિજિયોઝા | ગુમડા ઉપર | બે ચાર દિવસમાં | જંગલમાં બારેમાસ | તવણનું મૂળ લાવી ઘસી ગુમડા ઉપર ચોપડવાથી ગુમડું પાકી ફૂટી રસી નીકળી જાય છે. ત્યારપછી પીપળાનું છાલુ ઘસી ચોપડવાથી રુજ આવે છે. | - | તવણ મોટું ઝાડ આવે, બારેમાસ મળે છે. પીપળો મોટું ઝાડ આવે સર્વત્ર થાય છે. |
| ૧૪૧. | ૧) બાવળનું ફૂલ<br>૨) ટીકરી કાથો | બાવળ | એકેશિયા અરેબિકા | ચાંદા | બે દિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ | બાવળનું ફૂલ ઝીણું વાટી તેમાં ટીકરી કાથો મીક્ષ કરી લગાડવાથી ચાંદા મટે છે. | - | બાવળ કાંટાવાળું મોટું ઝાડ આવે છે. લગભગ દરેક જગ્યાએ થાય છે. |
| ૧૪૨. | ૧) જેજુરો<br>૨) રોપણ | | | વંધ્યિકરણ માટે | ત્રણ દિવસમાં | કોતાં જંગલમાં બારેમાસ | બન્ને ઝાડનાં છોડાં લાવી ઘસી ૧૦૦ ગ્રામ જેટલું પ્રવાહી સ્ત્રીને પાવાથી કાયમ માટે વાંઝણી બની જાય છે. | - | જેજુરો મોટું ઝાડ આવે છે. આંબલી જેવા પાન આવે છે. રોપણ પણ મોટું ઝાડ આવે છે. આંબા જેવા પાન આવે છે. |

| ક્રમ | ઔષધનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસ માં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૧૪૩. | જામ્બુ | જાંબુ | યુજેનિયા-જેમ્બોલેના | ઝાડો | બેદિવસમાં | દરેક જગ્યાએ બારેમાસ | જાંબુનું છાલું લાવી ઘસી દૂધ સાથે પાવાથી ઝાડો મટે છે. | - | જાંબુ મોટું ઝાડ આવે છે. પાન લાંબા આવે. ચોમાસામાં તેના ફળ પાકે છે. પાકેલા ફળ કાળા હોય છે. |
| ૧૪૪. | ટીકરી કાથો | | | મરડામાં | એકજવાર | ગાંધીની દુકાન | ટીકરીકાથો ૫૦ ગ્રામ જેટલો પાણી સાથે પાવાથી મરડો મટે છે. | - | - |
| ૧૪૫. | ૧) કાણજીનું તેલ<br>૨) મોરથોથુ<br>૩) માણસનું હાડકું | કણજી | પોનગેમિયા-ગ્લેબ્રા | ખસમાં | દસ દિવસમાં | દુકાને (માણસનું હાડકું સ્મશાનમાં મળે) | કણજી તેલ, મોરથુથુ અને માણસનું હાડકું ત્રણે મીક્ષ કરી મલમ બનાવી ચોપડવાથી ખસ મટે છે. | - | કણજી મોટું ઝાડ છે. તેમાંથી તેલ કાઢવામાં આવે છે. |
| ૧૪૬. | ૧) કણજીતેલ<br>૨) ચામડાની રાખ | કણજી | પોનગેમિયા-ગ્લેબ્રા | સફેદ કોઢ | અઠવાડિયામાં | દુકાને (ઢોરનું ચામડું) | ઢોરના ચામડાની રાખ બનાવી તેમાં કણજીનું તેલ મીક્ષ કરી ચોળવાથી સફેદ કોઢ મટે છે. | - | ચામડામાં ગમે તે ઢોરનું ચામડું ચાલી શકે છે. |

| ક્રમ | ઔષધનું નામ | | | ક્યા રોગમાં ઉપયોગી | કેટલા દિવસ માં રોગ મટે | ઔષધ ક્યારે અને ક્યાં મળે | ઉપયોગ પધ્ધતિ અને માત્રા | અન્ય કોઈ રોગમાં ઉપયોગી | વનસ્પતિનું વિશેષ વર્ણન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | આદિવાસી | ગુજરાતી | બોટેનિકલ | | | | | | |
| ૧૪૭. | આકડા | | | સાપના ઝેરમાં | તરતજ | જંગલમાં | આકડાના ઝાડનું મૂળ લાવી વાટી પચાસગ્રામ જેટલું પાવાથી ઉલટી થઈ આરામ થાય છે. | – | આકડાનું મોટું ઝાડ આવે છે. બારેમાસ જંગલમાં મળે. |
| ૧૪૮. | પાડ | | | વિંછીના ઝેરમાં | તરતજ | જંગલમાં બારેમાસ | પાડનું મૂળ ઘસી ડંખ ઉપર લગાડવાથી તરતજ આરામ થાય છે. | – | પાડ વેલ છે. ખાંચા વાળું પાન આવે છે. |
| ૧૪૯. | સોનારણ | | | ગુમડું મટાડવા માટે | બે ત્રણ દિવસમાં | ચોમાસામાં | છોડ લાવી ઝીણો વાટી ગુમડા ઉપર બાંધવાથી ગુમડું મટી જાય છે. | – | નાનો છોડ આવે છે. ચોમાસામાં થાય છે. ગોળ ખાંચાવાળા પાન આવે છે. |
| ૧૫૦. | ગોલડો | | | પગમાં લાગેલ કાંટો કાઢવા માટે. | ચોવીસ કલાકમાં | બારેમાસ જંગલમાં | ગોલડાનો ગુંદર લાવી કાંટો વાગ્યો હોય તે જગ્યાએ ચોપડવાથી એક રાતમાં કાંટો નીકળી જાય છે. | – | મોટું ઝાડ આવે છે. લાંબા ખાંચાવાળા પાન આવે છે. લીમડા જેવું મોટું ઝાડ છે. |
| ૧૫૧. | બિજોરું | બિજોરું | સાઈટ્રસ-મેડિકા | પશુ લોખંડનો ટુકડો ખાઈ ગયું હોય તેમાં | એક બે વાર પાવાથી | બગીચામાં | બીજોરું લાવી તે ઢોરને ખાઈ દેવાથી તે ગળી જાય છે. | – | બીજોરું લીંબુની મોટી જાત છે. એ મોટા છોડ આવે છે. |

વડેલી પોકેટ: તાલુકો: ખેડા

| ક્રમ | ગામનું નામ | જાતિ | વિગત | કુલ સંખ્યા | ચાંદીની કિંમત | સોનાની કિંમત | અન્ય દાગીના | લેણું | બેંક બેલેન્સ | અનામત રોકડ | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | પીછુવાડા | તડવી | જમીનવાળા | ૩ | ૨૦૦ | ૨૫૦૦ | – | – | – | – | – | ૨,૭૦૦ |
| | | | જ.વગરના | ૧૭ | ૨૦૫૦ | ૨૧૦૦ | – | – | – | – | – | ૪,૧૫૦ |
| | | | કુલ | ૨૦ | | | | | | | | |
| ૨. | નાગરવાડા | તડવી | જમીનવાળા | ૯ | ૧૫૦ | ૭૦૦ | – | – | – | – | – | ૮૫૦ |
| | | | જ.વગરના | ૧૧ | ૨૦૦૦ | ૧૭૦૦ | – | – | – | – | – | ૩,૭૦૦ |
| | | | કુલ | ૨૦ | | | | | | | | |
| ૩. | નાના અખત્યારપૂરા | તડવી | જમીનવાળા | ૩ | ૩૦૦ | ૨૦૦ | – | – | – | – | – | ૫૦૦ |
| | | | જ.વગરના | ૧૭ | ૧૪૦૦ | ૨૦૦૦ | – | – | – | – | – | ૩,૪૦૦ |
| | | | કુલ | ૨૦ | | | | | | | | |

કોઠા નં.૮:૧૨ ચાલુ

## પ્રકરણ - ૧

## વિસ્તાર અને વસ્તી

### પ્રાસ્તાવિક :

ગુજરાતમાં દાંતાથી ઉમરગામ સુધીની પૂર્વ પટ્ટી સઘન આદિવાસી વસતિ ધરાવે છે. આ વિસ્તારોમાં રહેતા આદિવાસીઓ પોતાની પરંપરાગત આગવી સુઝ અને ઢબથી વનૌષધિઓનો ઉપયોગ કરી પોતાના દુઃખ દર્દોનો સામનો કરતી આવી છે. તેમનાં આ પરંપરાગત ઓષધોની તેમજ તેમનામાં પ્રચલિત કેટલીક ઉપચાર પ્રણાલીકાઓની જાણકારી મેળવવા મોજણી કરવાનું નકકી કરવામાં આવ્યું. સૌ પ્રથમ સમગ્ર વિસ્તારનું ક્ષેત્રકાર્ય કરી એક અહેવાલના રૂપમાં મૂકવું તેમ વિચારી જિલ્લાવાર ક્ષેત્રકાર્ય કરવાનું શરુ કર્યું પણ ક્ષેત્રકાર્ય દરમ્યાન જોયું કે આદિવાસીઓમાં આ અંગેનો અખુટ ભંડાર છે. તેમની આગવી સુઝ છે, અનુભવ છે, પધ્ધતિઓ છે તેમને એક સુત્રતામાં બાંધવા જતાં કયારેક કોઈ વિસ્તારને અન્યાય થવાનો સંભવ છે. વળી જુદી જુદી જાતિઓ ઘણી વૈવિધ્ય જોવા મળે છે. આ બધાનો ખ્યાલ કરી કેન્દ્રના નિયામકશ્રી સાથે ચર્ચા વિચારણા કરી નકકી કરવામાં આવ્યું કે સઘન આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓમાં અલગ અલગ ક્ષેત્રકાર્ય કરી તેમની પરંપરાગત વનૌષધિઓના નામો, વપરાશપધ્ધતિઓની માહિતી મેળવી અલગ અલગ અહેવાલ તૈયાર કરવા.

બનાસકાંઠાના દાંતા અને પાલનપુર તાલુકાઓમાં જુદા જુદા ગરાસિયા આદિવાસી જૂથો અને ભીલોની વસતિ વિશેષ છે. તેમનો વસવાટ પણ જંગલ અને પહાડી વિસ્તારમાં છે. આ વિસ્તારના જાણકાર વ્યક્તિઓને દવાદારૂ કરનાર અથવા વૈદુ કરનારના નામે ઓળખાવે છે. વનૌષધિને ''ઝારીદવા'' અથવા ઝાડમૂળી'' ના નામે ઓળખવામાં આવે છે. આ વિસ્તારમાં જાણકાર વ્યક્તિઓનું પ્રમાણ ઘટતું જતું હોય તેમ લાગ્યું. કારણકે દવાખાનાની સગવડ વધતાં વનસ્પતિદવા જાણકાર વ્યક્તિઓ પાસે જનાર દર્દીઓ ઓછા થતા ગયા. સાથે સાથે જંગલોનું પ્રમાણ ઘટવાથી જોઈતો વનસ્પતિદવાના છોડ, ઝાડ, વેલ ન મળવાથી પણ વપરાશ ઘટતો ગયો હશે. આમ છતાં તેમની પાસે આજે પણ જાણકારી નથી તેવું નથી. આકસ્મિક સંજોગોમ તો તેમનોજ આશરો લેવાય છે. વળી ઝેરી જાનવર કરડે ત્યારે તો ખાસ

## પરિશિષ્ટ – ૧

પાલનપુર અને દાંતા તાલુકાઓમાં આદિવાસીઓમા પરંપરાગત વનઔષધીની માહિતી એકત્ર કરવા જુદા જુદા ગામોના વ્યક્તિઓની મુલાકાત લીધી તેમનો પરિચય.

| ક્ર.નં. | નામ | ગામ | ઉંમર | વ્યવસાય |
|---|---|---|---|---|
| ૧. | જીવાભાઈ એમરાભાઈ | કાનપુર | ૫૫ | ખેતી |
| ૨. | હેસાભાઈ જી.પરમાર | જોટીયાલી | ૪૦ | નોકરી,ખેતી (રસોયા) |
| ૩. | વશાભાઈ રામજીભાઈ ખમોરા | ટાંઢોળી | ૭૦ | ખેતી |
| ૪. | કાનાભાઈ હીમાભાઈ ગેમારા | ટાઢોળી | ૭૦ | ખેતી |
| ૫. | ભીમાભાઈ સોમાભાઈ ખમોરા | ટાઢોળી | ૪૦ | ખેતી |
| ૬. | સદાભાઈ પાજુભાઈ | પેટસારી | ૫૫ | પટેલ,ખેતી સામાજીક-કાર્યકર |
| ૭. | જોગાભાઈ ધનજીભાઈ બોબરિયા | પેટચોરી | ૪૦ | ખેતી, મજરી |
| ૮. | જોશાભાઈ ગુનાભાઈ ધ્રાંગી | પેટચોરી | ૭૦ | ખેતી |
| ૯. | નાનાભાઈ કાનાભાઈ સોલંકી | પેટચોરી | ૬૦ | ખેતી |
| ૧૦. | સોનાભાઈ સતરાભાઈ પરમાર | ભાયલા | ૫૦ | ખેતી |
| ૧૧. | મોહનભાઈ સધાભાઈ XXXXX આસરિયાતા | કાળીમાટી | ૫૫ | સરપંચ,ખેતી, (ઢોલીયા ગ્રામ પંચાયત) |
| ૧૨. | ખાગાભાઈ સદાભાઈ પરમાર | ડેમોરા | ૬૫ | નિવૃત |
| ૧૩. | મોહનભાઈ વિરમભાઈ રાઠોડ | વિરમપુર | ૭૦ | ખેતી |
| ૧૪. | ધનાભાઈ લાધાભાઈ ચૌહાણ | પીપળાવાળી વાવ | ૫૫ | ખેતી |
| ૧૫. | જાનાભાઈ રાજાભાઈ ગમાર | ચોરાસલી | ૫૦ | ખેતી |
| ૧૬. | સવજીભાઈ બધાભાઈ કટેરિયા | ટુંડિયા | ૪૫ | ખેતી,સરપંચશ્રી નાનાટુંટિયા |

## સંદર્ભ સાહિત્ય


(૧) આયુર્ભિષક અથવા હિંદુસ્તાનનો વૈદરાજ ભિક્ષુ અખંડ આનંદની
પ્રસાદી.
લેખક: સદ્ગત આયુર્વેદ માર્તંડ શાસ્ત્રી શંકર દાજી પદે
ભાષાંતર કરતા – વ્યાસ હરિકૃષ્ણ ભગવાનલાલ.

(૨) ઘટક કક્ષાએ પૂર્ણ રોજગારી આયોજન
દાંતા તાલુકો
આર.બી. લાલ
ડૉ.ટી.બી. નાયક
આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ,–૧૯૭૪.

(૩) બનાસકાંઠા સેન્સસ – ૧૯૮૧

(૪) પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો
રીંછડી અને તોરણિયા – રાસ બિહારીલાલ
ભારતીબહેન દેસાઈ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ,– ૧૯૮૦